GJMH010037012017

## FORM -A

IN THE COURT OF

**6th Additional District Judge & Additional Session Judge Mahesana.**

Date of The Judgement: 24/03/2026

**Sessions Case No.123/2017**

Details of F.I.R /Crime and Police Station.
કડી પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૧૧૯/૨૦૧૭, તા.૦૬/૦૬/૨૦૧૭

ભારતીય દંડ સંહિતા કલમ–૩૦૬

**આંક–**

| | |
|---|---|
| Complainant | સ્ટેટ ઓફ ગુજરાત |
| REPRESENTED BY | વિ.એડી.પી.પી.શ્રી સી.બી.ચૌધરી |

**સેશન્સ કેસ નં.૧૨૩/૨૦૧૭**

| | |
|---|---|
| ACCUSED | રચના W/DO અરૂણકુમાર ભાનુપ્રકાશ જૈન,<br>ઉ.વ.૪૫,<br>રહે. કડી રિધ્ધી નિવાસ ફ્લેટ નં.૨૦૨<br>ઈ બ્લોક, કરણનગર રોડ, તા.કડી.<br>મુળ રહે. બરેલી, મ.નં.૨૦૦, કર્મચારી નગર,<br>જી.બરેલી (ઉત્તરપ્રદેશ) |
| REPRESENTED BY | આરોપી તરફે વિ.વ.શ્રી એચ.આર.શ્રીમાળી |

## FORM -B

| | |
|---|---|
| Date of Offence | તા.૦૪/૦૬/૨૦૧૭ |
| Date of F.I.R | તા.૦૬/૦૬/૨૦૧૭ |
| Date of Chargesheet | તા.૧૮/૦૯/૨૦૧૭ |
| Date of Framing of Charges | તા.૨૯/૦૮/૨૦૧૯ |
| Date of commencement of evidence | તા.૨૦/૦૯/૨૦૧૯ |

| | |
|---|---|
| Date of which judgment is reserved | તા.૧૦/૦૩/૨૦૨૬ |
| Date of the Judgment | તા.૨૪/૦૩/૨૦૨૬ |
| Date of the Sentencing Order, if any | NA |

## Accused Details.

| Rank of the accused | Name of Accused | Date of Arrest | Date of Release on Bail | Offences charged with | Whether Acquitted or convicted | Sentence Imposed | Period of Detention Undergone during Trial for purpose of section 428 Cr.P.C. |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | રચના W/DO અરૂણકુમાર ભાનુપ્રકાશ જૈન | તા.૦૮/૦૬/૧૭ | તા.૧૧/૦૭/૧૭ | IPC-306 | Acquitted | NA | NA |

## FORM-C

## LIST OF PROSECUTION / DEFFENCE/ COURT WITNESSES

### A. Prosecution.

| RANK | NAME | Exhibit No. | NATURE OF EVIDENCE (EYE WITNESS, POLICE WITNESS, EXPERT WITNESSE, MEDICAL WITNESSE, PUNCH WITNESSE, OTHER WITNESSE |
|---|---|---|---|
| PW 1 | પટેલ પંકજકુમાર વિષ્ણુભાઈ | 11 | પંચ સાહેદ |
| PW 2 | પીનાકીન રમેશભાઈ બારોટ | 13 | પંચ સાહેદ |
| PW 3 | પરમાર મેહુલસિંહ બળવતસિંહ | 18 | પંચ સાહેદ |
| PW 4 | ડો. અલ્પેશ નૈનેસભાઈ પ્રજાપતી | 23 | તબીબી અધિકારી |
| PW 5 | પ્રદિપકુમાર ભાનુપ્રસાદ તિવારી | 27 | પ્રથમ બાતમીદાર |
| PW 6 | ડો. બકુલ પ્રભુભાઈ પટેલ | 33 | તબીબી અધિકારી |
| PW 7 | અશોકકુમાર તીવારી | 43 | સાહેદ |
| PW 8 | વ્યાપક મોહન શર્મા | 44 | સાહેદ |
| PW 9 | સેનમા જયંતિભાઈ વરૂભાઈ, ASI | 56 | પી.એસ.ઓ |
| PW 10 | ભદ્રેશકુમાર સેવંતીલાલ શાહ | 59 | FSL અધિકારી |
| PW 11 | અંદુજી હરચંદજી ઠાકોર | 69 | પંચ સાહેદ |
| PW 12 | બાલકૃષ્ણ વિઠ્ઠલભાઈ દરજી | 71 | સાહેદ |
| PW 13 | દિલીપકુમાર જુગલકિશોર પ્રસાદ | 72 | સાહેદ |
| PW 14 | રવિન્દ્રકુમાર કુલચંદ જૈન | 73 | સાહેદ |
| PW 15 | બલવંતસિંહ શિવાજી ચૌહાણ,PSI | 78 | સાહેદ |
| PW 16 | માનસ ઉર્ફે અલૌકીક અરૂણકુમાર તિવારી | 81 | સાહેદ |

| | | | |
|---|---|---|---|
| PW 17 | અપુર્વા અરૂણકુમાર તિવારી | 82 | સાહેદ |
| PW 18 | પ્રવિણકુમાર રામજીભાઈ કરેણ, PI | 85 | ત.ક.અમલદાર |

## B. Defence Witnesses

| RANK | NAME | Exhibit No. | NATURE OF EVIDENCE (EYE WITNESS, POLICE WITNESS, EXPERT WITNESSE, MEDICAL WITNESSE, PUNCH WITNESSE, OTHER WITNESSE |
|---|---|---|---|
| DW 1 | ડો. ગૌતમભાઈ સેંધાભાઈ પ્રજાપતિ | 98 | સાહેદ |

## C. Court Witnesses If any : None.

## LIST OF PROSECUTION /DEFFENCE / COURT EXIHIBITS.

## A. Prosecution.

| Sr. No. | Exihibit Number | Description |
|---|---|---|
| 1. | Exhibit 12/PW 1 | ઈન્કવેસ્ટ પંચનામું |
| 2. | Exhibit 14/PW 2 | ગુનાવાળી જગ્યાનું પંચનામું |
| 3. | Exhibit 15/PW 2 | મરણજનારના હસ્તાક્ષરવાળા બે પત્રો કબજે કર્યાનું પંચનામું |
| 4. | Exhibit 19/PW 3 | ગુનાવાળી જગ્યાનું પંચનામું અને ઝેરી દવાનું ખાલી પાઉચ કબજે કર્યાનું પંચનામું |
| 5. | Exhibit 24/PW 4 | દર્દી અરૂણભાઈનું મેડીકલ સર્ટીફીકેટ |
| 6. | Exhibit 25/PW 4 | દર્દી અરૂણભાઈના કેસ પેપર્સ |
| 7. | Exhibit 26/PW 4 | પ્રિસ્ક્રીપ્શન સ્લીપ |
| 8. | Exhibit 28/PW 5 | અસલ ફરિયાદ |
| 9. | Exhibit 29/PW 5 | સ્યુસાઈડ નોટ |
| 10. | Exhibit 34/PW 6 | પી.એમ.નોટ |
| 11. | Exhibit 35/PW 6 | પી.એમ.કરવાની અસલ યાદી |
| 12. | Exhibit 36/PW 6 | મરણોત્તર ફોર્મ |
| 13. | Exhibit 37/PW 6 | FSL પૃથ્થકરણ માટે ભરેલ ફોર્મ-૨(બી)ની સ્થળપ્રત |
| 14. | Exhibit 38/PW 6 | FSL ફોરવર્ડીંગ લેટર સાથેનો પૃથ્થકરણ રીપોર્ટ |
| 15. | Exhibit 39/PW 6 | કોઝ ઓફ ડેથ સર્ટીફીકેટ |

| | | |
|---|---|---|
| 16. | Exhibit 57/PW 9 | અસલ સ્ટેશન ડાયરી |
| 17. | Exhibit 58/PW 9 | ડેપ્યુટ હુકમ |
| 18. | Exhibit 60/PW 10 | પો.અ.શ્રી, મહેસાણાના ફોરવર્ડીંગ લેટર સાથે પો.ઈ.શ્રી, કડી ના રીપોર્ટ સહિતના કેસના દસ્તાવેજો |
| 19. | Exhibit 61/PW 10 | કુદરતી લખાણવાળા દસ્તાવેજો |
| 20. | Exhibit 62/PW 10 | દસ્તાવેજોના અભિપ્રાય તથા તારણો |
| 21. | Exhibit 63/PW 10 | FSL કચેરીનો તા.૧૨/૦૪/૧૯ નો પત્ર |
| 22. | Exhibit 70/PW 11 | તહોમતદારનું શરીરસ્થિતીનું પંચનામુ |
| 23. | Exhibit 79/PW 15 | ગુનો રજીસ્ટર કરવા કરેલ યાદી |
| 24. | Exhibit 86/PW 18 | FSL નો પ્રાથમિક સ્થળ તપાસણી અહેવાલ |
| 25. | Exhibit 87/PW 18 | હીસ્ટ્રોપેથોલોજી વિભાગે મુદ્દામાલ રીસીવ કર્યાની પાવતી |
| 26. | Exhibit 88/PW 18 | હસ્તાક્ષર નિષ્ણાંતે મુદ્દામાલ સ્વીકાર્યા અંગેની પાવતી |
| 27. | Exhibit 89/PW 18 | PSO એ આપેલ દવાખાના વર્ધી રીપોર્ટ તેમજ અકસ્માત મોત અંગેના પેપર્સ |
| 28. | Exhibit 90/PW 18 | આરોપી અટક નોંધ રીપોર્ટ |
| 29. | Exhibit 91, 92, 93 / PW 18 | મુદ્દામાલ FSL માં મળ્યા અંગેની બે પહોંચ તથા રવાનગી નોંધ |
| 30. | Exhibit 94, 95/ PW 18 | હસ્તાક્ષર નિષ્ણાંતને કરેલ યાદી તથા મુદ્દામાલ રવાનગી પત્રક |

**B. Defence. : None.**

**C. Court Exihibits. : None.**

**D. Material Objects. :**

| Sr. No. | Material Number | Description |
|---|---|---|
| | | મુ.પા.નં.૧૯૫/૧૭ |
| 1. | Article No.1 | એક કાળા તથા લાલ કલરનું પ્લાસ્ટીકનું તોડેલ પાઉચ જેના ઉપર જોતાં અંગ્રેજીમાં સફેદ અક્ષરમાં CRATIL ZinL Phosphide Tech લખેલ છે તે જે શીલબંધ છે તે. |
| | | મુ.પા.નં.૧૯૬/૧૭ |
| 2. | Article No.1 | એક વાદળી કલરની ડાયરી જેમાં પેજ નં.૫૬ નછ પાછળ હિન્દીમાં તેમજ અંગ્રેજીમાં I M CONISUIDE TO RACHA અને હીન્દીમાં '' હમારે લડાઈ કરી થી ઔર તનુ કી માનસ કી પઢાઈ બંધ કરવા એશ કરના ચાહતી હૈ'' તેવું લખાણ લખેલ છે તે. |

| | | |
|---|---|---|
| | | મુ.પા.નં.૧૯૮/૧૭ |
| 3. | Article No.1 | એક પેજ સફેદ કલરનું જે પેજના ઉપરના ભાગે ઈંગ્લીશમાં ટુ તેની નીચે ધ બ્રાંચ્ચ મેનેજર કોર્પોરેશન બેન્ક, એલ.આઈ.સી. બિલ્ડીંગ ધી માળ કાનપુર લખેલ છે અને તેની નીચે છેલ્લે અંગ્રેજીમાં (અરૂણકુમાર તિવારી) લખેલ છે વિગેરે તે. |
| 4. | Article No.2 | એક જુના જેવું પેજ હિન્દી ભાષામાં લખાણ લખેલ છે. જે પેજમાં પ્રથમ લીટીમાં હિન્દીમાં ''મૈં આપની ઔર સે વહ કંપની કી ઔર સે દ્રિતીય વર્ષ મે'' જેવું લખાણ લખેલ છે તેમજ ૨૧ નંબર લીટી જોતાં ઈંગ્લીશમાં MDRT તેમજ હિન્દીમાં ''પ્રાપ્ત કરને વાલે અભીકર્તાઓને પ્રાપ્ત કીયા હૈ ઉજ્જવળ ભવિષ્ય'' વિગેરે લખેલ છે તે. |

## <u>સેશન્સ કેસ નં.૧૨૩/૨૦૧૭</u>

| | | | |
|---|---|---|---|
| **દાખલ તારીખ** | ૦૫/૧૨/૨૦૧૭ | | |
| **રજિસ્ટર તારીખ** | ૦૫/૧૨/૨૦૧૭ | | |
| **ફેંસલ તારીખ** | ૨૪/૦૩/૨૦૨૬ | | |
| **સમયગાળો** | **વર્ષ** | **માસ** | **દિવસ** |
| | ૦૮ | ૦૩ | ૧૯ |

**આંક :**

**<u>ફરીયાદી</u> :–** શ્રી સરકાર

વિરૂદ્ધ

**<u>તહોમતદાર</u>** :– રચના W/DO અરૂણકુમાર ભાનુપ્રકાશ જૈન,
ઉ.વ.૪૫,
રહે. રિધ્ધી નિવાસ ફલેટ મ.નં.૨૦૨
ઈ બ્લોક, કરણનગર રોડ, કડી, તા.કડી.
મુળ રહે. બરેલી, મ.નં.૨૦૦, કર્મચારી નગર,
જી.બરેલી (ઉત્તરપ્રદેશ)

ફરીયાદપક્ષ તરફે : વિ.એડી.પી.પી શ્રી સી.બી.ચૌધરી

તહોમતદાર તરફે : વિ.વ.શ્રી એચ.આર.શ્રીમાળી (લીગલ એઈડ મારફતે)

**:: ચુકાદો ::**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંક હકીકત એવી છે કે, ગુજરનાર અરૂણકુમાર ભાનુપ્રકાશ જૈન અને તહોમતદાર રચના જૈન નાઓએ બનાવના બે માસ પહેલા આર્ય સમાજ અનુસાર લગ્ન કરેલા. ગુજરનાર છેલ્લા છ મહિનાથી મીંડારીકા કંપની વિઠ્ઠલાપુર મુકામે એચ.આર તરીકે નોકરી કરતા હતા અને બનાવના અરસામાં તેઓ રીધ્ધી નિવાસ, ફલેટ નં.ઈ–૨૦૨, કરણનગર રોડ, કડી ખાતે રહેતા હતા. ગુજરનારના લગ્ન તહોમતદાર સાથે થયા બાદ હાલના આરોપી અવારનવાર ગુજરનારને તેમજ ગુજરનારના દિકરા અને દિકરીને હેરાન કરતા હોવાથી તેમજ માનસિક ત્રાસ આપતા હોવાથી ગુજરનારે તા.૦૪/૦૬/૨૦૧૭ ના રોજ પોતાના ઘરે ઉંદર મારવાની ઝેરી દવા પી લઈ આત્મહત્યા કરેલ. જે અંગેની જાહેરાત કડી પોલીસ સ્ટેશનમા પ્રથમ બાતમીદાર દ્વારા કરવામાં આવેલ.

(૨) ઉપરોકત જાહેરાત અન્વયે કડી પોલીસ સ્ટેશનમાં ફ.ગુ.ર.નં. ૧૧૯/૨૦૧૭ થી ગુન્હો દાખલ કરવામાં આવેલો. ત્યારબાદ, તપાસ કરનાર અધિકારી દ્વારા આ ગુન્હાની તપાસ હાથ ધરી તહોમતદાર વિરૂધ્ધ પુરતા પુરાવા મળી આવતા તહોમતદાર વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૬ નો ગુનો આચર્યા સબબનુ ચાર્જશીટ વિ. જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક.શ્રી, કડીની અદાલતમાં દાખલ કરેલ જેને ફોજદારી કેસ નં. ૧૧૮૭/૧૭ થી રજીસ્ટરે નોંધવામાં આવેલ. ત્યારબાદ વિ. અધિક ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રી, કડીએ તહોમતદાર વિરૂધ્ધના ગુન્હાનો પ્રકાર લક્ષ્ય પર લેતાં તહોમતદાર વિરૂધ્ધની ટ્રાયલ ચલાવવાની હકુમત માત્ર સત્ર અદાલતની હોઈ, ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ–૨૦૭ નુ પાલન કર્યા બાદ, ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ–૨૦૯ મુજબ કેસ સત્ર અદાલત, મહેસાણાને કમીટ કરતો આદેશ કરી મહેસાણાના સત્ર

ન્યાયાધીશશ્રીની અદાલતને મોકલી આપેલ, જે કેસ સેસન્સ કેસ નંબર ૧૨૩/૨૦૧૭ થી રજીસ્ટરે લેવામાં આવેલ.

(૩) સદરહુ કેસ ઈન્સાફી કાર્યવાહી માટે સત્ર અદાલત રૂબરૂ કમીટ થઇને આવતાં તહોમતદારને સમન્સ કરવામાં આવતા તહોમતદાર ઉપિસ્થત થયેલ અને તહોમતદારને લીગલ એઇડ મારફતે કાનુની સહાય પુરી પાડવામાં આવતા આરોપી તરફે વિ. વકીલ શ્રી એચ.આર.શ્રીમાળી હાજર થતાં તહોમતદારને ચાર્જશીટની નકલો મળી ગયા સબબની ખાત્રી કર્યા બાદ તહોમતદાર વિરૂદ્ઘ આંક–૦૯ થી ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૦૬ મુજબના ગુન્હાનુ તહોમતનામુ જે તે સમયના વિ. બીજા અધિક સેશન્સ જજ શ્રી, મહેસાણા દ્ઘારા ફરમાવવામાં આવેલ અને તહોમતદારનુ નિવેદન આંક–૧૦ થી નોંધતા, તહોમતદારે ગુન્હો કબુલ હોવાનો ઈન્કાર કરતા તહોમતદાર વિરૂદ્ઘ ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૪) ફરીયાદપક્ષ દ્વારા ઉપરોકત ફોર્મ–સી માં દર્શાવ્યા અનુસાર સાહેદોનો મૌખીક પુરાવો તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે અને આંક–૯૬ થી પુરાવો પુરો થયાની પુરસીસ રજૂ કરવામાં આવતા તહોમતદારનુ વિશેષ નિવેદન ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ ૩૧૩ અન્વયે નોંધવામા આવેલ છે, જે વિશેષ નિવેદનમાં તહોમતદારે ફરીયાદપક્ષ દ્ઘારા રજુ કરવામાં આવેલ તેમના વિરૂધ્ધના આક્ષેપો સબબના પુરાવાનો ઈન્કાર માત્ર કરેલ છે અને વિશેષમાં જણાવેલ છે કે, મરણજનાર અરૂણકુમાર લગ્ન પહેલા ડીપ્રેશનના દર્દી હતા, બે વર્ષથી દવા ચાલતી હતી, છ મહિનાથી ડો. ગૌતમ પ્રજાપતિ, કડીની દવા ચાલુ હતી, ડીપ્રેશનમાં રહેવાના કારણે અરૂણકુમારે પોતે આત્મહત્યા કરેલ છે, તેના માટે આરોપી જવાબદાર નથી, આરોપી નિર્દોષ છે, આરોપીએ કોઈ માનસીક ત્રાસ આપેલ નથી કે બાળકોને હેરાન પરેશાન કરેલ નથી કે મિલ્કતમાં પોતાનું નામ દાખલ કરવા

જણાવેલ નથી, ભણતર બંધ કરવાનું જણાવેલ નથી, આરોપી નિર્દોષ છે, તમામ હકીકત મનઘડત છે. તહોમતદારે સોગંદ પર જુબાની આપવાનો ઈન્કાર કરેલ છે પરંતુ બચાવના સાહેદો તપાસવા માંગે છે તેમ જણાવી આંક–૯૮ થી ડો. ગૌતમકુમાર સેંધાભાઈ પ્રજાપતિને તપાસેલ છે અને આંક–૯૯ થી પુરાવો પૂરો થયાની પુરસીસ રજુ કરેલ છે.

(૫) ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી તેમજ બચાવપક્ષ તરફેના વિ.વ.શ્રી એ મૌખિક દલીલો કરેલ છે. પુનરાવર્તન ટાળવાના હેતુસર તેમજ સરળતા ખાતર આ દલીલોની ચર્ચા હવે પછી કારણો દરમ્યાન કરવામાં આવેલ છે.

(૬) આ કેસની ઉપરોકત હકીકત તેમજ રજુ કરવામાં આવેલ પુરાવો તથા બન્ને પક્ષકારો તરફેની રજૂઆતો ધ્યાને લેતાં, આ કેસના અંતિમ ન્યાયીક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે તેમજ સદરહુ મુદ્દા સંબંધીત આ અદાલતનો નિર્ણય સંબંધીત મુદ્દા નીચે દર્શાવ્યા અનુસાર છે.

**// મુદ્દા //**

૧. શું રજુ થયેલ પુરાવા પરથી એવું પુરવાર થાય છે કે ગુજરનારનુ મૃત્યુ આપઘાત કરી અકુદરતી રીતે થયેલ છે?

જવાબ: હકારાત્મક

૨. શું ફરીયાદપક્ષ વ્યાજબી શંકાથી પર રીતે એવું પુરવાર કરી શકેલ છે કે, તહોમતદારે ગુજરનારને આપઘાત કરવા દુષ્પ્રેરણ કરી ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૬ મુજબનો ગુન્હો આચરેલ છે?

જવાબ: નકારાત્મક

૩. શું હુકમ?

જવાબ: આખરી હુકમ મુજબ.

**ઉપરોકત તારણો સબબના કારણો નીચે મુજબ છે.**

**:: કા ર ણો ::**

(૭) સૌ પ્રથમ પક્ષકારો તરફે કરવામાં આવેલ દલીલની ચર્ચા કરવામાં આવે તો ફરીયાદપક્ષ તરફે વિ.એપીપીશ્રીએ દલીલ કરેલ છે કે, ફરીયાદપક્ષનો કેસ એવો છે કે ગુજરનારે તહોમતદારના ત્રાસના કારણે કંટાળી જઈ આત્મહત્યા કરેલ છે. આ અંગેની ફરિયાદ ગુજરનારના ભાઈએ આપેલ છે અને ફરિયાદીએ ફરિયાપક્ષને સમર્થનકારી પુરાવો આપેલ છે અને તે રીતે આંક ૨૮ ની ફરિયાદ પુરવાર કરવામાં આવેલ છે. ગુજરનારે ઉંદર મારવાની ઝેરી દવા પી લઈ આપઘાત કરેલ છે જે હકીકત તબીબી પુરાવાથી તેમજ એફ.એસ.એલના પુરાવાથી પુરવાર થાય છે. ગુજરનારનુ મૃત્યુ ઝીંક ફોસ્ફાઈડ અકાર્બનિક રાસાયણીક ઝેર પીવાથી થયેલ હોવાનુ પુરવાર થયેલ છે તેમજ આવા રસાયણની હાજરી ઉંદર મારવાની દવામાં હોય છે તેવું ફરીયાદપક્ષે શંકારહિત રીતે પુરવાર કરેલ છે. તપાસ દરમ્યાન ગુજરનારે લખેલ સ્યુસાઈડ નોટવાળી ડાયરી આંક ૨૯ વાળી કબજે કરવામાં આવેલ છે, જે સ્યુસાઈડ નોટ ગુજરનારે લખેલ હોવાનું FSL ના રીપોર્ટ પરથી પુરવાર થયેલ છે. આંક ૨૯ મરણોન્મુખ નિવેદન છે, જેને પુરવાર કરવામાં આવેલ છે, પુરાવા પરથી એવી હકીકત પુરવાર થયેલ છે કે ગુજરનારનો સ્વભાવ સારો હતો, તેના પર કોઈ દેવું હતુ નહી તો સામાન્ય માણસ સામાન્ય સંજોગોમાં આપઘાત કરે નહી તેવું અનુમાન કરવાનુ રહે છે. વળી, પુરાવા પરથી એવું પણ ખુલવા પામેલ છે કે ગુજરનારે સવારે બાર વાગ્યે દવા પીધેલ હોવા છતાં અને ગુજરનારના પુત્ર સાહેદ માનસે તહોમતદારને ગુજરનારને દવાખાને લઈ જવા માટે જણાવેલ હોવા છતાં તહોમતદાર ગુજરનારને તાત્કાલીક હોસ્પીટલે

લઈ ગયેલ નથી અને સાંજ સુધી રાહ જોયા બાદ હોસ્પીટલે લઈ ગયેલ છે જે વર્તન જાતે જ તહોમતદાર વિરૂધ્ધનુ અનુમાન કરવાનુ સૂચવે છે. તહોમતદાર પક્ષ દ્વારા એવો બચાવ આગળ ધરવામાં આવેલ છે કે ગુજરનાર માનસિક રોગી હતા અને તેની દવા લેતા હતા પરંતુ તે બચાવ પુરવાર કરી શકેલ નથી. આ ઉપરાંત સ્વતંત્ર સાક્ષી વ્યાપક મોહન શર્માએ પણ ફરીયાદપક્ષને સમર્થનકારી પુરાવો આપેલ છે. ગુજરનાર સાથે રહેતા તેમના પુત્ર માનસે ફરીયાદપક્ષને સમર્થનકારી પુરાવો આપેલ છે, આ સાક્ષીનો પુરાવો ખુબજ કુદરતી પુરાવો છે જે માનવાલાયક છે, આ સાક્ષીનુ પોલીસ નિવેદન સાક્ષીના પોતાના હસ્તાક્ષરમાં છે. ફરિયાદીએ પુરાવામાં ફોન નંબર યાદ નથી તેવું જણાવેલ હોવા માત્રથી તે સાક્ષીનો પુરાવો ડીસ્કાર્ડ થઈ શકે નહીં. હસ્તાક્ષર નિષ્ણાંતે ગુજરનારની માનસિક પરિસ્થિતિ સારી ન હોય તો લખી શકે નહી તેવા કથનનો ઈન્કાર કરેલ છે. જો ગુજરનાર પર દેવું થઈ ગયેલ હોય અને ઉઘરાણી કરવામાં આવતી હોય તો ગુજરનાર ડાયરીમાં તેમના પત્નીનું નામ શા માટે લખે?, સામાન્ય રીતે જે વ્યક્તિ ઉઘરાણી કરતી હોય તે વ્યક્તિનું નામ લખે. બચાવપક્ષ દ્વારા રજુ કરવામાં આવેલ સમગ્ર બચાવ માનવા લાયક નથી. આમ, સમગ્ર પુરાવો ધ્યાને લેતા તહોમતદારના રોજબરોજના ત્રાસના કારણે, કંકાશના કારણે, દુષ્પ્રેરિત થઈ ગુજરનારે ઝેરી દવા પી લીધેલ હોવાનુ પુરવાર કરવામાં ફરિયાદપક્ષ સફળ રહેલ હોઈ તહોમતદારને તકસીરવાન ઠરાવી મહત્તમ સજા ફરમાવવા વિનંતી કરેલ છે.

(૮) બચાવપક્ષ તરફેના વિ.વ.શ્રીએ દલીલ કરેલ છે કે, ડોકટરશ્રીના પુરાવા અનુસાર ગુજરનારને તેમની સમક્ષ લાવવામાં આવ્યા ત્યારે ગુજરનાર ભાનમાં હતા તેમ છતાં ડોકટર શ્રી સમક્ષ તેમના પત્નીના ત્રાસના કારણે ઝેરી દવા પીધેલ હોવાનુ જણાવેલ નથી. ગુજરનાર અને તહોમતદાર વચ્ચેનુ લગ્ન જીવન માત્ર દોઢ મહિનાનુ છે, આ દરમ્યાન એવા કયા સંજોગો તહોમતદારે ઉભા કરેલા કે જેથી ગુજરનાર પાસે

આપઘાત કરવા સિવાય અન્ય કોઈ વિકલ્પ રહેલ ન હતો તે અંગેનો કોઈ જ પુરાવો ફરિયાદપક્ષ રજુ કરી શકેલ નથી. મરણજનારના અગાઉના પત્ની આપઘાત કરી મૃત્યુ પામેલ હતા તે હકીકત રેકર્ડ પર ખુલવા પામેલ છે. ફરિયાદી સહિત અન્ય સગા સંબંધી ગુજરનારના તહોમતદાર સાથે લગ્ન થયા તે સમયે હાજર ન હતા, ગુજરનારના તેમના કુટુંબી સાથે કોઈ સંબંધ ન હતા, ફરિયાદીએ ઉલટતપાસમાં ગુજરનારની અંગત જીંદગી વિશેષ જાણકારી નથી તેમ સ્વીકારેલ છે તેવા સંજોગોમાં સમગ્ર કેસ શંકાસ્પદ બની જાય છે. વળી, ફરિયાદી ગુજરાતી જાણતા નથી તેમ છતાં આખી ફરિયાદ ગુજરાતીમાં લખાયેલ છે તે હકીકત સમગ્ર ફરિયાદને શંકાસ્પદ બનાવે છે. ખરેખર, ગુજરનાર ડીપ્રેશનમાં રહેતા હતા અને માનસિક રીતે અસ્વસ્થ હતા, તેમની આ અંગેની સારવાર તેમજ દવા હરીયાણાના ડોકટર પાસે ચાલતી હતી અને તેવા સંજોગોમાં ગુજરનારે તહોમતદારના ત્રાસના કારણે આપઘાત કરેલ હોવાનુ શંકારહિત પુરવાર થયાનુ માની શકાય નહી. આંક ૨૯ થી રજુ કરવામાં આવેલ ડાયરીનુ લખાણ સ્વયં દર્શાવે છે કે ગુજરનાર ડીપ્રેશનમાં હતા. વળી, આ ડાયરીના લખાણ પરથી એવું પણ રેકર્ડ પર આવેલ છે કે ગુજરનાર પર દેવું થઈ ગયેલ હતું અને તેથી ગુજરનારે તહોમતદારની દુષ્પ્રેરણાથી આપઘાત કરેલ હોવાનુ માની શકાય નહી. આંક ૭૧ થી તપાસવામાં આવેલ સાક્ષી પડોશી છે, સ્વતંત્ર સાક્ષી છે તેઓએ ફરિયાદપક્ષને સમર્થન આપેલ નથી. આંક ૮૨ થી તપાસવામાં આવેલ ગુજરનારની પુત્રીનો પુરાવો કર્ણોપકર્ણ પુરાવો છે જેથી તે ટકી શકવાને પાત્ર નથી. ગુજરનારના પુત્ર બનાવ સમયે માત્ર દશ વર્ષની ઉંમરના હતા જેથી તેમનો પુરાવો પણ માનવા લાયક નથી. ફરીયાદપક્ષ માત્ર સ્યુસાઈડ નોટ પર આધારીત છે પરંતુ આ સ્યુસાઈડ નોટ માનવા લાયક નથી. આમ, સમગ્ર કેસ શંકાસ્પદ હોઇ આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મૂકવા હુકમ ફરમાવવા વિનંતી કરેલ છે.

**<u>મુદ્દા નં. ૧ થી ૩</u>**

આ તમામ મુદ્દાની હકીકત એકબીજા સાથે સંકળાયેલ હોઇ પુનરાવર્તન ટાળવાના હેતુસર તેમજ સમજવામાં સરળતા રહે તે હેતુથી તમામ મુદ્દાની ચર્ચા એકીસાથે કરવામાં આવેલ છે.

(૯) ફોજદારી કાર્યવાહીનો ન્યાયીક નિર્ણય કરતી સમયે અદાલતે એ સિદ્ધાંત હંમેશા લક્ષ્ય પર રાખવાનો રહે છે કે, ફરીયાદપક્ષે તહોમતદાર વિરૂદ્ધના આક્ષેપો વ્યાજબી શંકાથી પર રીતે પુરવાર કરવાના રહે છે.

(૧૦) પુરાવાના મુલ્યાંકનની તેમજ ગુણદોષની ચર્ચા કરવામાં આવે તો તહોમતદાર વિરૂદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ- ૩૦૬ ના આક્ષેપો કરવામાં આવેલ છે, જે જોગવાઈ નીચે મુજબ છે.

<u>૩૦૬:- આપઘાતનુ દુષ્પ્રેરણ</u>

કોઈ વ્યકિત આપઘાત કરે તો તેમ કરવાનુ જે કોઈ વ્યકિતએ તેને દુષ્પ્રેરણ કર્યુ હોય તેને દશ વર્ષ સુધીની બેમાંથી કોઈ એક પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે અને તે દંડને પણ પાત્ર થશે.

ઉપરોકત જોગવાઈ સાથે ભારતીય દંડ સંહીતાની કલમ ૧૦૭ ની જોગવાઈ લક્ષ્ય પર લેવી જરૂરી છે, જે નીચે મુજબ છે.

<u>૧૦૭ :- કૃત્યનુ દુષ્પ્રેરણ :-</u>

જે વ્યકિત:

પહેલું :- કોઈ કૃત્ય કરવા માટે કોઈ બીજી વ્યકિતને (ઉશ્કેરે) ખોટી રીતે પ્રેરે, અથવા

બીજું :- કોઈ કૃત્ય કરવા માટે બીજી એક કે વધુ વ્યકિતઓ સાથે કોઈ કાવતરામાં સામેલ થાય, અને તે કાવતરાને અનુસરીને અને તે કરવા માટે કોઈ કૃત્ય કરવામાં આવે કે કરવાનુ ગેરકાયદેસર રીતે ટાળવામાં આવે, અથવા

ત્રીજું :– કોઈ કૃત્ય કરીને કે કરવાનુ ગેરકાયદેસર રીતે ટાળીને કોઈ કૃત્ય કરવામાં ઈરાદાપુર્વક મદદ કરે, તે વ્યકિત તે કૃત્યનુ દુષ્પ્રેરણ કરે છે.

સ્પષ્ટીકરણ ૧:– જેને જાહેર કરવા પોતે બંધાયેલી હોય, તેવી મુદ્દાની હકીકતની જાણીબુઝીને ખોટી રજુઆત કરીને અથવા તેને જાણીબુઝીને છુપાવીને કોઈ વ્યકિત કોઈ કૃત્ય કરે કે કરાવે અથવા કરાવવાની કોશીષ કરે તે વ્યકિત તે કૃત્ય કરવા માટે ખોટી રીતે પ્રેરે છે એમ કહેવાય.

(૧૧) તહોમતદાર વિરૂદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૬ ના આક્ષેપો છે તેમજ ગુજરનાર અને તહોમતદાર વચ્ચે પતિ–પત્નીના સંબંધ છે. ફરિયાદપક્ષના કેસ અનુસાર તહોમતદાર રચનાબેન કે જેઓ ગુજરનારના પત્ની થાય છે તેમની દુષ્પ્રેરણાને કારણે ગુજરનાર અરૂણકુમાર તિવારીએ આત્મહત્યા કરેલ છે જેથી આ તબકકે નામદાર શ્રી સુપ્રીમકોર્ટ અને નામદાર શ્રી ગુજરાત હાઈકોર્ટના ચુકાદામાં સ્થાપિત કરવામાં આવેલ સિધ્ધાંત લક્ષ્ય પર લેવા જરૂરી છે.

(૧૧.૧) નામદાર શ્રી સુપ્રીમકોર્ટે Chitresh Kumar Chopra Vs. State [(2010)3 SCC 367]ના ચુકાદાના પેરા નં.૧૨ અને ૧૫ માં ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૬ ના આવશ્યક તત્વો સબબ અવલોકન કરી ઠરાવેલ છે કે,

> 12. As per the Section, a person can be said to have abetted in doing a thing, if he, firstly, instigates any person to do that thing; or secondly, engages with one or more other person or persons in any conspiracy for the doing of that thing, if an act or illegal omission takes place in pursuance of that conspiracy, and in order to the doing of that thing; or thirdly, intentionally aids, by any act or illegal omission, the doing of that thing. Explanation to Section 107 states that any wilful misrepresentation or wilful concealment of material fact which he is bound to disclose, may also come within the

contours of "abetment". It is manifest that under all the three situations, direct involvement of the person or persons concerned in the commission of offence of suicide is essential to bring home the offence under Section 306 of the IPC.

15. Thus, to constitute "instigation", a person who instigates another has to provoke, incite, urge or encourage doing of an act by the other by "goading" or "urging forward". The dictionary meaning of the word "goad" is "a thing that stimulates someone into action: provoke to action or reaction" (See: Concise Oxford English Dictionary); "to keep irritating or annoying somebody until he reacts" (See: Oxford Advanced Learner's Dictionary - 7th Edition). Similarly, "urge" means to advise or try hard to persuade somebody to do something or to make a person to move more quickly and or in a particular direction, especially by pushing or forcing such person. Therefore, a person who instigates another has to "goad" or "urge forward" the latter with intention to provoke, incite or encourage the doing of an act by the latter. As observed in Ramesh Kumar's case (supra), where the accused by his acts or by a continued course of conduct creates such circumstances that the deceased was left with no other option except to commit suicide, an "instigation" may be inferred. In other words, in order to prove that the accused abetted commission of suicide by a person, it has to be established that:
(i) the accused kept on irritating or annoying the deceased by words, deeds or wilful omission or conduct which may even be a wilful silence until the deceased reacted or pushed or forced the deceased by his deeds, words or wilful omission or conduct to make the deceased move forward more quickly in a forward direction; and
(ii) that the accused had the intention to provoke, urge or encourage the deceased to commit suicide while acting in the manner noted above. Undoubtedly, presence of mens rea is the necessary concomitant of instigation.

(૧૧.૨) નામદાર શ્રી સુપ્રીમકોર્ટે M. Arjunan V. State [AIR 2019 SC 43], ના ચુકાદામાં પણ ભારતીય દંડ સંહીતાની કલમ ૩૦૬ ના આવશ્યક તત્વોની નીચે મુજબ ચર્ચા કરેલ છે.

> (8) The essential ingredients of the offence under Section 306 I.P.C.are: (i) the abetment; (ii) the intention of the accused to aid or instigate or abet the deceased to commit suicide. The act of the accused, however, insulting the deceased by using abusive language will not, by itself, constitute the abetment of suicide. There should be evidence capable of suggesting that the accused intended by such act to instigate the deceased to commit suicide. Unless the ingredients of instigation /abetment to commit suicide are satisfied, accused cannot be convicted under Section 306 I.P.C."

(૧૧.૩) નામદાર શ્રી સુપ્રીમકોર્ટે S.S.Chheena vs. Vijay Kumar Mahajan and another [(2010) 12 SCC 190] ના ચુકાદામાં ઠરાવેલ છે કે,

> "25. Abetment involves a mental process of instigating a person or intentionally aiding a person in doing of a thing. Without a positive act on the part of the accused to instigate or aid in committing suicide, conviction cannot be sustained. The intention of the legislature and the ratio of the cases decided by this Court is clear that in order to convict a person under Section 306 IPC there has to be a clear mens rea to commit the offence. It also requires an active act or direct act which led the deceased to commit suicide seeing no option and that act must have been intended to push the deceased into such a position that he committed suicide."

(૧૧.૪) Madan Mohan Singh Vs. State of Gujarat and another [(2010) 8 SCC 628] ના ચુકાદામાં ઠરાવેલ છે કે,

> **12.** In order to bring out an offence under Section 306 IPC specific abetment as contemplated by Section 107 IPC on the part of the accused with an intention to bring about the suicide of the person concerned as a result of that abetment is required. The intention of the accused to aid or to instigate or to abet the deceased to commit

suicide is a must for this particular offence under Section 306 IPC.

(૧૧.૫) Gurucharan Singh vs. State of Punjab [(2017) 1 SCC 433] ના ચુકાદામાં ઠરાવેલ છે કે,

"**26.** It is thus manifest that the offence punishable is one of abetment of the commission of suicide by any person, predicating existence of a live link or nexus between the two, abetment being the propelling causative factor. The basic ingredients of this provision are suicidal death and the abetment thereof. To constitute abetment, the intention and involvement of the accused to aid or instigate the commission of suicide is imperative. Any severance and absence of any of these constituents would militate against this indictment. Remoteness of the culpable acts or omissions rooted in the intention of the accused to actualize the suicide would fall short as well of the offence of abetment essential to attract the punitive mandate of Section 306 IPC. Contiguity, continuity, culpability and complicity of the indictable acts or omission are the concomitant indices of abetment. Section 306 IPC, thus criminalises the sustained incitement for suicide.

(૧૧.૬) નામદાર શ્રી સુપ્રીમકોર્ટે Amalendu Pal @ Jhantu vs. State of West Bengal [(2010) 1 SCC 707], ના ચુકાદામાં ઠરાવેલ છે કે,

"12. Thus, this Court has consistently taken the view that before holding an accused guilty of an offence under Section 306 IPC, the court must scrupulously examine the facts and circumstances of the case and also assess the evidence adduced before it in order to find out whether the cruelty and harassment meted out to the victim had left the victim with no other alternative but to put an end to her life. It is also to be borne in mind that in cases of alleged abetment of suicide there must be proof of direct or indirect acts of incitement to the commission of suicide. Merely on the allegation of harassment without there being any positive action proximate to the time of occurrence on the part of the

accused which let or compelled the person to commit suicide, conviction in terms of Section 306 IPC is not sustainable."

(૧૧.૭) નામદાર શ્રી સુપ્રીમકોર્ટે Randhir Singh vs. State of Punjab [(2004)13 SCC 129] ના ચુકાદામાં ભારતીય દંડ સંહીતાની કલમ ૩૦૬ નો ભાવાર્થ સમજાવેલ છે કે,

> 12. Abetment involves a mental process of instigating a person or intentionally aiding that person in doing of a thing. In cases of conspiracy also it would involve that mental process of entering into conspiracy for the doing of that thing. More active role which can be described as instigating or aiding the doing of a thing is required before a person can be said to be abetting the commission of offence under Section 306 IPC.

(૧૧.૮) નામદાર શ્રી સુપ્રીમકોર્ટના મા. ત્રણ ન્યાયમુર્તિશ્રની બેન્ચે Ramesh Kumar vs State Of Chhattisgarh [2001(9) SCC 618]ના ચુકાદામાં ભારતીય દંડ સંહિતાની કલમ ૧૦૭ નુ અર્થઘટન કરેલ છે કે,

> Instigation is to goad, urge forward, provoke, incite or encourage to do "an act". To satisfy the requirement of instigation though it is not necessary that actual words must be used to that effect or what constitutes instigation must necessarily and specifically be suggestive of the consequence. Yet a reasonable certainty to incite the consequence must be capable of being spelt out.

(૧૨) આમ, ઉપરોકત જોગવાઇ અને ચુકાદામાં સ્થાપિત કરવામાં આવેલ સિધ્ધાંત નજરે હાથ પરના કીસ્સામાં તહોમતદાર વિરૂધ્ધ ભારતીય દંડ સંહીતાની કલમ ૩૦૬ ના આક્ષેપો કરવામાં આવેલ હોવાથી ફરીયાદપક્ષે વ્યાજબી શંકાથી પર રીતે એવી હકીકત પુરવાર કરવાની રહે છે કે તહોમતદારની ઉશ્કેરણીના કારણે ગુજરનારને આપઘાત કરવા દુષ્પ્રેરણા થયેલ. જો આરોપી ધ્વારા સતત અને નિયમીત રીતે એવું વર્તન કે આચરણ કરવામાં આવતું હોય અને તેના કારણે ગુજરનારને આપઘાત કરવા સિવાય બીજો કોઈ વિકલ્પ રહેતો ન હોય

તો તેવું વર્તન આપઘાત કરવા માટે ઉશ્કેરણી સમાન બની શકે છે. [See: Ramesh Kumar vs State Of Chhattisgarh [2001(9) SCC618]

(૧૩) ઉપરોક્ત ચર્ચા લક્ષ્ય પર લઈ હાથ પરના કીસ્સામાં રજુ કરવામાં આવેલ પુરાવાની ચર્ચા કરવામાં આવે તો તહોમતદાર વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૬ સબબના આક્ષેપ કરવામાં આવેલ હોવાથી સૌ પ્રથમ મેડિકલ ઓફિસરશ્રીનો પુરાવો ધ્યાને લેવો આવશ્યક જણાય છે. જેથી તે અંગેની ચર્ચા કરવામાં આવે તો ફરિયાદપક્ષ દ્વારા ડો. અલ્પેશ નૈનેસભાઈ પ્રજાપતિ (PW-04, Exh.-23) ને તપાસવામાં આવેલ છે. આ સાક્ષીએ એવો પુરાવો આપેલ છે કે તેઓ એમ.ડી. ફીજીશીયન છે અને આઠ વર્ષનો અનુભવ ધરાવે છે. તા.૦૪/૦૬/૨૦૧૭ ના રોજ ભાગ્યોદય જનરલ હોસ્પિટલ, કડી ખાતે તેઓ પોતાની ફરજ પર હતા દરમિયાન દર્દી નામે અરૂણભાઈ ભાનુપ્રકાશ તીવારી, રહે. કડીવાળાને સાંજે ૦૫:૩૦ કલાકે તેમના પત્ની હોસ્પિટલમાં દવા પીધેલી હાલતમાં સારવાર માટે લઈ આવેલ. આ સાક્ષીએ વધુમાં એવો પુરાવો આપેલ છે કે, દર્દીના પત્નીના કહેવા અનુસાર દર્દીએ ઉંદર મારવાની દવા પીધેલ હતી અને દર્દી ઘણા વર્ષથી માનસિક રોગની દવા લેતા હતા, જયારે દર્દીના કહેવા અનુસાર તેઓએ આ દવા બપોરે ૧૨ વાગ્યે પીધેલ હતી. સારવાર સમયે દર્દીના પત્ની દ્વારા રેટ કિલીંગ પાઉડરનુ રેપર બતાવવામાં આવેલ અને દર્દીએ સુસાઈડ કરવા માટે દવા પીધી તેવું હિસ્ટ્રીમાં કહેલ.

(૧૩.૧) વધુમાં આ સાહેદે જણાવેલ છે કે દર્દીને તપાસતા તેના હૃદયના ધબકારા ૭૮ પ્રતિ મિનિટ હતા, બ્લડપ્રેશર ૧૦૦/૭૦ હતું, ઓક્સિજન લેવલ અને લોહીમાં બ્લડ સુગરની માત્રા ૯૨ ની હતી, આ દર્દીને અંદરના દર્દી તરીકે દાખલ કરી ઇમરજન્સી સારવાર ચાલુ કરેલી, દર્દીને નોર્મલ સલાઈન, એન્ટિબાયોટિક તથા સપોર્ટીવ સલાયન આપવામાં આવેલ, આ દરમિયાન દર્દીના હૃદયના ધબકારા

તેણે પીધેલ ઝેરી દવાના કારણે અનિયમિત થતાં રાત્રિના ૧૧:૨૦ વાગ્યે દર્દીનું મૃત્યુ થયેલ.

(૧૩.૨) આ સાક્ષીના પુરાવા દરમિયાન ફરિયાદપક્ષે આ સાક્ષીએ આપેલ તબીબી પ્રમાણપત્ર આંક–૨૪ થી તેમજ અસલ કેસ પેપર્સ આંક–૨૫ થી રજૂ કરેલ છે. આ ઉપરાંત પ્રિસ્ક્રિપ્શન આંક–૨૬ થી રજૂ કરેલ છે. આ સાક્ષીએ એવો પણ પુરાવો આપેલ છે કે દર્દીએ કેવા પ્રકારની ઝેરી દવા પીધેલ તેની તપાસ કરવા દર્દીના પેટમાંનો પદાર્થ (લવાજ) FSL પરીક્ષણ માટે મોકલવામાં આવેલ.

(૧૩.૩) બચાવપક્ષ તરફેની ઉલટ તપાસમાં આ સાક્ષીએ એવું સ્વીકારેલ છે કે દર્દીને હોસ્પિટલમાં લાવવામાં આવેલ ત્યારે તેઓ ભાનમાં હતા. એવું પણ સ્વીકારેલ છે કે દર્દીએ જાતે જણાવેલ કે તેઓએ બાર વાગ્યે દવા પીધેલ છે. એવું પણ સ્વીકારેલ છે કે દર્દીના પત્નીએ દર્દી માનસિક રોગની દવા લે છે તેમ જણાવેલ હતું જ્યારે આ સાક્ષી દર્દીએ ચોક્કસ કઈ દવા પીધેલી તે કહી શકે નહીં તે કથનનો ઇન્કાર કરી વધુમાં જણાવેલ છે કે દર્દીના પત્નીએ દર્દીએ કઈ દવા પીધેલી તેનું રેપર બતાવેલ હતું.

(૧૩.૪) આ સાક્ષીને અદાલત દ્વારા એવો પ્રશ્ન કરવામાં આવેલ છે કે જ્યારે દર્દીના પત્નીએ દર્દી માનસિક રોગની દવા લે છે તેવું જણાવેલ તો તમે દર્દી કેવા પ્રકારની માનસિક રોગની દવા લે છે તેની ચકાસણી દર્દી તેમજ તેના પત્ની પાસેથી કરેલી. આ સવાલના જવાબમાં સાક્ષીએ જણાવેલ છે કે તેઓએ ચકાસણી કરેલ પરંતુ દર્દીના પત્નીએ કે દર્દીએ એવી કોઈ વિગત આપેલ ન હતી. કોર્ટ દ્વારા આ સવાલ પૂછવામાં આવ્યા બાદ આરોપી તરફે વિશેષ કોઈ ઊલટતપાસ આ સાક્ષીની કરવામાં આવેલ નથી.

(૧૪) ફરિયાદપક્ષ દ્વારા ડો.શ્રી બકુલ પ્રભુભાઈ પટેલ (PW-06, Exh.-33) ને તપાસવામાં આવેલ છે. આ સાક્ષીએ ગુજરનારનુ શબ પરીક્ષણ કરેલ છે. આ સાક્ષીએ એવો પુરાવો આપેલ છે કે તેઓએ MBBS નો

અભ્યાસ કરેલ છે અને મેડિકલ ઓફિસર તરીકે ૧૫ વર્ષનો અનુભવ ધરાવે છે. તા.૦૫/૦૬/૨૦૧૭ ના રોજ તેઓ સી.એચ.સી કડી ખાતે ફરજ પર હતા દરમિયાન પોલીસ કોન્સ્ટેબલ ધર્મેન્દ્રકુમાર મરણજનાર અરૂણભાઈ ભાનુપ્રકાશ તિવારી, રહે. કડીવાળાનો મૃતદેહ શબ પરીક્ષણ સારું પોલીસ યાદી, ઈન્કવેસ્ટ પંચનામુ તથા મરણોત્તર ફોર્મ સાથે લાવેલ. મૃતદેહનુ શબ પરીક્ષણ કલાક ૦૫:૧૫ વાગ્યે શરૂ કરી કલાક ૦૬:૩૦ વાગ્યે પૂર્ણ કરેલું.

(૧૪.૧) આ સાક્ષીએ વધુમાં પુરાવો આપેલ છે કે શબનું પરીક્ષણ કરતા બાહ્ય તપાસમાં એવું જણાયેલ કે મરણ જનાર પુરુષ આશરે ૫૦ થી ૫૫ વર્ષના હતા; તેમણે વાદળી શર્ટ પ્રિન્ટેડ લુંગી અને કમરના નીચેના ભાગે ડાયપર પહેરેલ હતું; તેમણે પહેરેલ કપડા ઉપર લોહીના ડાઘ, ઉલટી કે પાણીથી ભીંજાયેલા ન હતા; મરણજનારનું શારીરિક બંધારણ સામાન્ય હતું અને શરીર ઠંડુ હતું; શબના અકડાઈ જવાની પ્રક્રિયા તેમના સાંધામા જણાતી હતી; પી.એમ લીવીડીટી શરીરના ડીપેન્ડન્ટ પાર્ટમાં જેવી કે ગળાની પાછળના ભાગે, છાતી અને સાથળના પાછળના ભાગે હતી; નખમાં, હાથની હથેળીમાં, પગના પંજામાં સાયનોસીસ (ભુરા પડી ગયેલા) જણાતા હતા; આ મૃતદેહનો દેખાવ સામાન્ય હતો; આંખો અર્ધ ખુલ્લી હતી અને કીકી ફીકસ થયેલ હતી; મોઢું બંધ હતુ; જીભ મોઢાની અંદર હતી; નાક, કાનમાંથી કોઈ પ્રવાહી કે બ્લડ વહેતુ ન હતું; બાહ્ય જનેન્દ્રીય ઉપર કોઈ ઈજા ન હતી; શરીરના બાહ્યભાગ ઉપર કોઈ ઘા કે ઈજાના નિશાન ન હતા.

(૧૪.૨) આ સાક્ષીએ વધુમાં પુરાવો આપેલ છે કે, મૃતદેહનુ આંતરીક પરીક્ષણ કરતાં માથાના ભાગે અને ખોપડીમાં કોઈ ઈજા જણાતી ન હતી; મગજ કંઝસ્ટેડ (સોજાવાળુ) હતુ; છાતીના ભાગે પાંસળી, ફેફસાના પડદા, શ્વાસનળી, અન્નનળીમાં કોઈ ઈજા ન હતી; જમણી અને ડાબુ ફેફસુ કંઝસ્ટેડ હતુ; હ્રદય અને મોટી રકતવાહીની લોહીથી ભરેલ હતી; પેટ અને અંદરના ભાગે કોઈ ઈજા ન હતી; હોજરીની તપાસ કરતાં લગભગ ૧૫૦ થી ૨૦૦ એમ.એલ. જેટલું બ્રાઉન કલરનું

પ્રવાહી હતુ; નાના અને મોટા આંતરડાના પરિક્ષણમાં ગેસ અને પચેલો ખોરાક હતો; યકૃત કંઝસ્ટેડ હતુ; બરોડ મોટી થઈ ગયેલ હતી અને કંઝસ્ટેડ હતી. શબ પરિક્ષણ દરમ્યાન આ મૃતદેહ પરથી લીવર, લંગ્સ, સ્પ્લીન જઠર અને તેના પદાર્થ, આંતરડુ અને તેના પદાર્થ સાથે વિશેરા કેમીકલ એનાલીસીસ ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી સારૂ મોકલવા લીધેલા. આ અવયવો મીઠાના સાંદ્ર દ્રાવણમાં લીધેલા અને પેક કરી, તપાસ કરનાર અમલદારને સુપ્રત કરેલા. હૃદયને હીસ્ટોપેથોલોજીકલ એકઝામીનેશન માટે લઈ મોકલી આપેલ.

(૧૪.૩) વધુમાં આ સાહેદે જણાવેલ છે કે, શબ પરિક્ષણ કર્યા બાદ મૃત્યુનું સંભવિત કારણ FSL ના રીપોર્ટને આધિન રાખેલ હતુ. આ સાક્ષી FSL નો પૃથ્થકરણ રીપોર્ટ જોઈ જણાવે છે કે જીંક ફોસ્ફાઈડ નામના અકાર્બનીક રાસાયણીક ઝેરની હાજરી શોધાયેલ અને તેના કારણે મરણજનારનુ મૃત્યુ થયેલ છે. કોઈપણ વ્યક્તિ માનસિક તણાવમાં જીંક ફોસ્ફાઈડ જેવી દવા પીવે તો મૃત્યુ થઈ શકે તેવું જણાવે છે.

(૧૪.૪) આ સાહેદના પુરાવા દરમ્યાન ફરિયાદપક્ષ દ્વારા આંક–૩૪ થી શબ પરિક્ષણ નોટ, આંક–૩૬ થી મરણોત્તર ફોર્મ, આંક–૩૭ થી FSL પૃથ્થકરણ માટે મોકલવા સારૂ ભરેલ ફોર્મ, આંક–૩૮ થી પૃથ્થકરણ રીપોર્ટ અને આંક–૩૯ થી મૃત્યુનું કારણ દર્શાવતું પ્રમાણપત્ર રજુ કરવામાં આવેલ છે.

(૧૪.૫) બચાવપક્ષની ઉલટમાં આ સાક્ષીએ એવું સ્વીકારેલ છે કે FSL ના પૃથ્થકરણ અહેવાલમાં નમુના માર્ક ૧, ૩ અને બી માં રાસાયણીક ઝેરની હાજરી શોધાયેલ નથી તેવું દર્શાવેલ નથી. જ્યારે આ સાક્ષીએ એવા કથનનો ઈન્કાર કરેલ છે કે FSL પૃથ્થકરણના પરિણામ નં.૧ માં દર્શાવ્યા પ્રમાણે નમુના માર્ક–૨ એટલે કે હોજરીમાં ઝીંક ફોસ્ફાઈડ નામના અકાર્બનિક પ્રકારના રાસાયણિક ઝેરની હાજરી મળવા માત્રથી વ્યક્તિનું મૃત્યુ સંભવી શકે નહી.

(૧૪.૬) આ સાક્ષીને અદાલત દ્વારા એવો સવાલ પુછવામાં આવેલ છે કે આ જે ઝીંક ફોસ્ફાઈડ નામનું ઝેર છે તે સામાન્ય રીતે કઈ વસ્તુમાં જોવા

મળે તેના જવાબમાં આ સાક્ષીએ જણાવેલ છે કે, આ ઝેર રેટ પોઈઝન (ઉંદર મારવાની દવા) માં જોવા મળે છે.

(૧૫) મેડીકલ ઓફીસરશ્રીના ઉપરોકત પુરાવા સાથે આંક ૩૪ થી રજુ થયેલ શબ પરિક્ષણ નોટ, આંક ૩૯ થી રજુ થયેલ મૃત્યુનુ કારણ દર્શાવતું પ્રમાણપત્ર, આંક ૩૮ થી રજુ થયેલ આસીસટન્ટ કેમીકલ એકઝામીનર, ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળા ગુજરાત રાજયનો પરિક્ષણ અહેવાલ વંચાણે લેવો જરૂરી છે. આંક ૩૪ ના શબ પરીક્ષણ રીપોર્ટ અને આંક ૩૯ થી મૃત્યુનુ કારણ દર્શાવતા પ્રમાણપત્ર અનુસાર ગુજરનારનુ મૃત્યુ ઝીંક ફોસ્ડફાઈડ નામના અકાર્બનીક રાસાયણીક ઝેર પીવાના લીધે થયેલ હોવાનુ પુરવાર થાય છે.

(૧૬) રજુ કરવામાં આવેલ ઉપરોક્ત દસ્તાવેજી તબીબી પુરાવા અને મેડીકલ ઓફીસરશ્રીના મૌખિક પુરાવા વંચાણે લેતાં એવું શંકારહિત પુરવાર કરવામાં ફરિયાદપક્ષ સફળ રહેલ છે કે, ગુજરનારનુ મૃત્યુ કુદરતી રીતે થયેલ નથી પરંતુ ગુજરનારનુ મૃત્યુ ઝીંક ફોસ્ડફાઈડ નામના અકાર્બનીક રાસાયણીક ઝેર પીવાથી થયેલ છે અને મેડીકલ ઓફીસર ડો.શ્રી બકુલ પટેલના પુરાવા અનુસાર ઉંદર મારવાની દવામાં ઝીંક ફોસ્ડાઈડ હોય છે તે હકીકત ફરિયાદપક્ષે શંકારહિત રીતે પુરવાર કરેલ છે. આમ, આ પુરાવાથી ફરિયાદપક્ષ ગુજરનારનુ મૃત્યુ આપઘાતના કારણે થયેલ હોવાનુ પુરવાર કરવામાં સફળ રહેલ છે તેમ આ અદાલતનુ સ્પષ્ટપણે માનવુ છે જેથી મુદ્દા નં.૧ નો જવાબ હકારાત્મક ઠરાવવામાં આવેલ છે.

(૧૭)વિશેષમાં ગુણદોષ પરની ચર્ચા કરવામાં આવે તો ફરિયાદપક્ષ એવા કેસ સાથે ઉપસ્થિત થયેલ છે કે તહોમતદાર કે જે ગુજરનાર અરૂણકુમારના પત્ની થાય છે, તેમની દુષ્પ્રેરણાને કારણે ગુજરનારે પોતાના ઘરે ઉંદર મારવાની દવા પી લીધેલ હોવાથી ગુજરનારનુ મૃત્યુ

થયેલ છે. જેથી ફરિયાદપક્ષ દ્વારા તપાસવામાં આવેલ હકીકતના સાહેદોનો પુરાવો મહત્વનો બની જાય છે.

(૧૮) ફરિયાદપક્ષ દ્વારા હકીકતના સાહેદ સ્વરૂપે સૌ પ્રથમ, પ્રથમ બાતમીદાર પ્રદિપકુમાર ભાનુપ્રસાદ તિવારી (PW-05, Exh.-27) ને તપાસવામાં આવેલ છે. આ સાક્ષીનો પુરાવો નોંધતા સમયે અદાલતે સ્પષ્ટપણે એવી નોધ કરેલ છે કે સાક્ષી હિન્દી ભાષા બોલતા અને સમજતા હોય તેમની જુબાની ગુજરાતીમાં નોંધવા માટે દુભાશિયા તરીકે સરકારી વકીલ શ્રી મકવાણાને રોકવામાં આવેલ છે. આ સાક્ષીએ એવો પુરાવો આપેલ છે કે મરણજનાર અરૂણભાઈ તેમના નાના ભાઈ છે. બનાવ બન્યો ત્યારે મરણ જનાર કડી ખાતે તેમના પત્ની રચના જૈનની સાથે રહેતા હતા. બનાવના છ મહિના અગાઉથી મરણજનાર મંડારિકા કંપની વિઠલાપુર મુકામે એચ.આર. તરીકે નોકરી કરતા હતા. આ સાક્ષી વધુમાં જણાવે છે કે તેમના ભાઈ બનાવના એક વર્ષ પહેલા આ કંપનીમાં નોકરીમાં લાગતા કાનપુર થી ગુજરાત આવેલા. મરણજનારના લગ્ન રચનાબેન જૈન સાથે બનાવના દોઢ માસ પહેલા થયેલ હતા. મરણ જનારના લગ્ન રચનાબેન સાથે થયા તે અગાઉ સુધાબેન સાથે થયેલા હતા અને તે લગ્નથી બે બાળકો છે. બનાવના બે વર્ષ અગાઉ સુધાબેનનુ મૃત્યુ થઈ ગયેલ હતું. મરણજનારને સંતાનમાં એક દીકરી નામે તનુ અને દીકરો નામે માનસ છે. દીકરી કોટા ખાતે રહેતી હતી અને દીકરો મરણ જનાર સાથે રહેતો હતો.

(૧૮.૧) આ સાક્ષી વધુમાં એવો પુરાવો આપે છે કે તેમના ભાઈ કડી ખાતે રહેતા હતા અને અવારનવાર ફોન ઉપર વાત કરતા હતા કે ''તેઓએ આ લગ્ન કરેલા છે તેનાથી પરેશાન રહે છે અને પત્ની રચના કહેતી હતી કે આ છોકરાઓના ભણતરનો ખર્ચ બંધ કરી દો અને તમારી મિલકતો મારા નામે કરી દો'' આને કારણે મરણજનાર માનસિક રીતે પરેશાન રહી દુ:ખી રહેતા હતા તે સમયે આ સાક્ષી મરણજનારને

સાંત્વના આપતા હતા કે ધીમે ધીમે બધું સારૂ થઈ જશે.

(૧૮.૨) આ સાક્ષીએ વધુમાં એવો પુરાવો આપેલ છે કે મરણજનારના બોસ રવિન્દ્ર જૈને તા.૦૪/૦૬/૨૦૧૭ ના રોજ સાંજના છ વાગ્યે ફોન કરી જણાવેલ કે અરુણકુમારે ઝેરી દવા પી લીધેલ છે અને તેને ભાગ્યોદય હોસ્પિટલમાં દાખલ કરેલ છે ત્યારબાદ રાત્રિના ૧૧ વાગ્યે રવિન્દ્રકુમારનો ફરીથી ફોન આવેલ અને જણાવેલ કે અરૂણકુમાર મૃત્યુ પામેલ છે. તે સમયે પોતે લખનૌ હોવાથી સવારે પાંચ વાગ્યે લખનૌથી ફલાઈટ પકડી દિલ્હી થી અમદાવાદ આવેલ અને બપોરે બે વાગ્યે સીધા ભાગ્યોદય હોસ્પિટલ ગયેલ અને જઈને તેમના ભાઈને જોયેલ. બાદ પોલીસ આવતા લખાણ કરી મૃતદેહને શબ પરીક્ષણ કરવા માટે મોકલેલ. બાદ પોતે કડી પોલીસ સ્ટેશન જઈ ફરિયાદ આપેલ કે તેમના ભાઈ અરૂણનું મૃત્યુ ઝેર પીવાથી થયેલ છે અને તેનું કારણ પત્ની રચના જૈનથી ખુબ જ પરેશાન હતા અને તેના કારણે ઝેરી દવા પી લીધેલ છે.

(૧૮.૩) આ સાક્ષીએ વધુમાં એવો પણ પુરાવો આપેલ છે કે ભાઈની સાથે કંપનીમાં કામ કરનાર દિલીપભાઈએ એક બ્લુ કલરની ડાયરી આ સાક્ષીને આપેલી અને તે ડાયરીના પાના નંબર ૫૬ ની પાછળ એવું લખેલ હતું કે ''હું સ્યુસાઈડ કરી રહેલ છુ અને તેની જવાબદાર મારી પત્ની રચના જૈન છે'' આ ડાયરી પોતે પોલીસને આપેલી. મુદ્દામાલ ડાયરી આર્ટીકલ નં.૨ વાળી ડાયરી બતાવતા પાના નં.૫૬ ની પાછળના ભાગે ''આઈ એમ કમીટીંગ સ્યુસાઈડ ડયુ ટુ રચના હમને જો શાદી કરી થી વો તનુ ઔર માનસ કી પઢાઈ બંધ કર કે ખુદ ઐસ કરના ચાહતી હૈ... મુજે સારે લોગ માફ કર દેના અબ મેંરે લીયે સ્યુસાઈડ હી એક રાસ્તા હૈ...'' આ ડાયરીના પાના નં.૫૬ ઉપર નાણાકીય હિસાબો અને નીચેના ભાગે લખેલ છે કે ''જીજી મુજે માફ કરના મેંરે બચ્ચે કો અપને સાથ રખના... પોલીસી કા પેમેન્ટ મીલેગા'' પાના નં.૫૭ ઉપર મરણજનાર ભાઈએ એવુ લખેલ છે કે ''મેંરે મૌત કી જીમેદાર રચના હૈ... મેંરે દોનો બચ્ચે તનુ ઔર માનસ

બુઆ કે સાથ રહેગે તનુ પહેલે એચડીએફસી ક્રેડીટ કાર્ડ કા પેમેન્ટ કર દેના ઔર રુતુપુર વાલા પ્લોટ અપને નામ કરના.'' આ પાના ઉપર લખેલ હિસાબ નીચે મરણજનાર અરુણની સહી છે જે આ સાક્ષી ઓળખી બતાવે છે. રચના જૈનને આ સાક્ષી અદાલત રૂબરૂ ઓળખી બતાવે છે.

(૧૮.૪) ફરિયાદપક્ષે આ સાક્ષીના પુરાવા દરમ્યાન આંક–૨૮ થી પ્રથમ બાતમી અહેવાલ અને આંક–૨૯ થી ડાયરી રજુ કરેલ છે.

(૧૮.૫) બચાવપક્ષની ઉલટમાં આ સાક્ષી એવું જણાવે છે કે તેમના ભાઈ અરૂણભાઈએ રચનાબેન સાથે લગ્ન કરેલ ત્યારે તેઓને બોલાવડાવેલ ન હતા કે કહેવડાવેલ ન હતું. એવું સ્વીકારે છે કે અરૂણભાઈના રચનાબેન સાથે જે લગ્ન થયેલ તે વખતે પોતે પ્રસંગમાં આવેલ ન હતા. એવું જણાવેલ છે કે તેઓ પોતાના ભાઈને તેઓ મૃત્યુ પામ્યા તેના ચારેક મહિના પહેલા કાનપુર ખાતે મળેલ હતા. તેમના મરણજનાર ભાઈ ડીપ્રેશન કે ન્યુરોલોજીની દવા લેતા હતા તેની ખબર નથી તેમ જણાવે છે. અરુણભાઈને તેમના પત્ની સાથે ઝઘડા થતા હતા કે કેમ તેની ખબર નથી તેવું જણાવે છે. આ સાક્ષીને સ્પષ્ટપણે એવો સવાલ પૂછવામાં આવેલ છે કે જ્યારે તેમના ભાઈ ફોન ઉપર રચનાબેન તેને ત્રાસ આપતા હોવાનું જણાવેલ ત્યારે પોલીસ ફરિયાદ કરવાનું કહેલું તેના જવાબમાં આ સાક્ષીએ જણાવેલ છે કે ના, તેઓએ તેમના ભાઈને સમજાવેલ કે ધીમે ધીમે બધુ સારું થઈ જશે. આંક–૨૯ થી રજૂ કરેલ ડાયરીના પાના નંબર ૫૭ ઉપર તેમના ભાઈ અરૂણની સહી કરેલ છે તેવો સવાલ પૂછવામાં આવતા આ સાક્ષીએ જવાબ આપેલ છે કે પાના નંબર ૫૭ ના નીચેના ભાગે હાંસિયામાં તેમના ભાઈની સહી નથી પરંતુ પાના નંબર ૫૬ ઉપર તેમના ભાઈની સહી છે અને પાના નંબર ૫૮ પર તેમના ભાઈનું નામ લખેલ છે. આ સાહેદ એવું સ્વીકારે છે કે આ ડાયરીના આગળના કેટલાક પાનામાં કાંઈ લખાણ નથી જ્યારે પાના નંબર ૫૬ અને ૫૭ માં અલગ અલગ બોલપેનથી લખવામાં આવેલ હોવાના કથનનો આ સાક્ષીએ ઈન્કાર કરેલ છે. આ

સાક્ષી દિલીપકુમારને ઓળખતા હોવાનુ જણાવે છે અને તેમના ભાઈના મૃત્યુના સમાચાર સાંભળી તેઓ કડી આવી દિલીપકુમારને મળેલ હોવાનુ જણાવે છે. એવું સ્વીકારે છે કે આ દિલીપભાઈને આંક–૨૯ વાળી ડાયરી અરૂણભાઇના ઘરેથી મળેલી તેમ જણાવેલું. આંક–૨૯ વાળી ડાયરી તેમના ભાઈના હસ્તાક્ષરમાં નથી તે કથનનો ઈન્કાર કરે છે. આ સાક્ષીને એવો સવાલ પૂછવામાં આવેલ છે કે ગુજરનાર અરૂણભાઈને કુટુંબના સભ્ય સાથે સારી રીતે બોલાવતા ન હોવાથી લગ્નમાં બોલાવેલ ન હતા તેના જવાબમાં આ સાક્ષીએ જણાવેલ છે કે તેમના ભાઈએ મોટી ઉંમરે લગ્ન કરેલ હોય તેને એવું લાગેલ કે તેમના ભાઈ તથા સગાને લગ્નમાં બોલાવી ન શકાય. આ સાક્ષીએ એવા કથનોનો ઈનકાર કરેલ છે કે તેમના ગુજરનાર ભાઈ નાની–નાની વાતોમાં ગુસ્સે થઈને ઝઘડો કરતા હતા, આ સાક્ષીના પરિવારને ગુજરનાર સાથે બનતું ન હતું, તેઓએ, રવિન્દ્ર જૈન અને દિલીપભાઈ મળીને રચનાબેન વિરુદ્ધ ખોટી ફરિયાદ કરેલ છે, આ સાક્ષીના છ ભાઈ બહેનો વચ્ચે પિતાજીની મિલકત વચ્ચે વહેંચણી બાબતે ઘણા લડાઈ ઝઘડા થતા હતા, અરુણભાઈને આ મિલકત જોઈતી હોવાથી તે ઝઘડો કરીને અલગ રહેતા હતા.

(૧૯) પ્રથમ બાતમીદારના ઉપરોક્ત પુરાવા સાથે ગુજરનારના પુત્ર માનસ અને પુત્રી અપુર્વાનો પુરાવો ધ્યાને લેવો જરૂરી છે. આ બંને સાક્ષીઓએ આપેલ પુરાવાની ચર્ચા કરવામાં આવે તો આ તબક્કે એ નોંધવું જરૂરી છે કે આ બંને સાક્ષીઓનો પુરાવો નોંધતા પહેલા અદાલતે સ્પષ્ટપણે એવી નોંધ કરેલ છે કે સાક્ષી ગુજરાતી ભાષા બોલી તેમજ સમજી શકતા ન હોય પરંતુ હિન્દી ભાષા બોલતા તેમજ સમજતા હોય તેઓને હિન્દીમાં સવાલ પૂછવામાં આવેલ છે અને તેના જે જવાબ હિન્દીમાં આપેલ છે તેનું ગુજરાતીમાં ભાષાંતર કરી પુરાવો નોંધવામાં આવેલ છે.

(૨૦) સાક્ષી માનસ ઉર્ફે અલૌકિક અરુણકુમાર તિવારી (PW-16, Exh.-81) એવો પુરાવો આપે છે કે તેમના માતૃશ્રીનુ નામ સુધા તિવારી હતું, તે તા.૦૪/૦૩/૨૦૧૫ ના રોજ અવસાન પામેલા જેથી આ સાક્ષી અને તેમના બહેન બંને નાની ઉંમરના હોવાથી તેમના પિતાજીએ બીજા લગ્ન આરોપી રચના જૈન સાથે કરેલા. આ સાક્ષી વધુમાં જણાવે છે કે તેમના પિતાજી મીંડારીકા કંપનીમાં નોકરી કરતા હતા, તેમના પિતાજી અને રચનાબેનને અવારનવાર ઝઘડો થતો રહેતો હતો તેમજ આરોપી રચનાબેન આ સાક્ષી સાથે સારો વ્યવહાર રાખતા ન હતા અને તેથી તેમના પિતાજી સતત ટેન્શનમાં રહેતા હતા.

(૨૦.૧) આ સાક્ષી વધુમાં જણાવે છે કે ૨૦૧૭ ના જૂન મહિનામાં તેઓ પોતાના ઘરે હતા અને બપોરના સમયે તેમના પિતાજી બાથરૂમમાં ગયેલા અને તેઓએ ઉંદર મારવાની દવા પીધેલી અને બાથરૂમમાંથી બહાર આવી ઊંઘી ગયેલા. સાંજના પાંચ થી સાડા પાંચ વાગ્યાના સમયે તેઓને ઉલટી થવા લાગેલી જેથી આ સાક્ષીએ રચનાબેનને કહેલ કે પિતાજીની તબિયત ખરાબ હોવાથી હોસ્પિટલ લઈ જવા પડશે ત્યારે રચનાબેને કહેલ કે દવાખાને લઈ જવાની કોઈ જરૂર નથી તેમ કહી આ સાક્ષીને ધમકાવેલ. બાદ આ સાક્ષીએ તેમના ઘરની સામે રહેતા કાકાને બોલાવેલા તેથી તે પડોશી કાકા તેમની ગાડીમાં આ સાક્ષીના પિતાજીને, સાક્ષીને અને આરોપી રચનાબેનને ભાગ્યોદય હોસ્પિટલ લઈ ગયેલા અને ત્યાં સાક્ષીના પિતાજીને હોસ્પિટલમાં દાખલ કરેલા. તે જ દિવસે સારવાર દરમિયાન ગુજરનાર મોડી રાત્રે આશરે ૧૧ વાગ્યાના સુમારે અવસાન પામેલા તેવી હકીકત તેમના સંબંધીઓએ આ સાક્ષીને જણાવેલ.

(૨૦.૨) આ સાક્ષી વધુમાં પુરાવો આપે છે કે રચનાબેન બંને ભાઈ બહેનનો અભ્યાસ બંધ કરાવી, કામકાજ કરાવવા તેમજ મિલકતમાંથી ભાઈ બહેનનું નામ કઢાવી તમામ મિલકત પોતાના નામે કરાવવા વારંવાર ગુજરનાર સાથે ઝઘડા કરતા હતા અને તેથી ગુજરનાર સતત ટેન્શનમાં રહેતા હતા અને નોકરીમાં અનિયમિત થઈ ગયેલા તેથી તેઓ ગુમસુમ

(ખામોશ) રહેતા હતા. આ સાક્ષી એવું પણ જણાવે છે કે તેમના પિતાજીએ ઝેરી દવા પીધેલી તે બનાવ કડી મુકામે બનેલો. આ બનાવની ફરિયાદ તેમના પિતાજીના મોટાભાઈ પ્રદીપકુમારે આપતા પોલીસે નિવેદન લીધેલું. આરોપીને અદાલત રૂબરૂ આ સાક્ષી ઓળખી બતાવે છે.

(૨૦.૩) બચાવપક્ષની ઉલટમાં આ સાક્ષી જણાવે છે કે પોલીસે જવાબ લીધો તે સમયે તેમની ઉંમર ૧૦ વર્ષની હતી. એવું પણ સ્વીકારે છે કે પોલીસ નિવેદન તેમના પોતાના હસ્તાક્ષરમાં છે. પોલીસે જવાબ લીધો તે સમયે તેમની સાથે પોલીસ સિવાય બીજું કોઈ ન હતું તેમ જણાવે છે. તેમના માતૃશ્રી સુધાબેને આત્મહત્યા કરેલ હતી તેમ જણાવે છે પરંતુ તે અંગેનો કોઇ કેસ તેમના પિતાજી પર થયેલ હોવાના કથનનો ઈનકાર કરેલ છે. તેમના પિતાજીએ બીજા લગ્ન કર્યા તે લગ્નમાં કોણ કોણ આવેલ હતું તે યાદ ન હોવાનું જણાવે છે પરંતુ ઘણા બધા લોકો આવેલ હતા તેટલી ખબર હોવાનું કથન કરેલ છે. સાક્ષીએ એવું સ્વીકારેલ છે કે તેમના પિતાજીના મોટા ભાઈ, ફોઈ, કાકા વગેરે સંબંધીઓ આ બીજા લગ્નમાં આવેલ ન હતા. આ સાક્ષીએ તેમના પિતાજીની ન્યુરોસર્જન પાસે દવા ચાલતી હોવાના કથનનો ઈન્કાર કરેલ છે. આ સાક્ષીએ પોલીસ રૂબરૂના નિવેદનમાં ઉંદર મારવાની ઝહેરીલી તેવા શબ્દો લખાવેલ નથી તેમ સ્વીકારે છે. પોલીસ રૂબરૂના નિવેદનમાં બાથરૂમમાંથી બહાર આવીને ઊંઘી ગયેલા તેવું લખાવેલ નથી તેમ પણ સ્વીકારેલ છે. આરોપી આ સાક્ષી સાથે તેમજ ગુજરનાર સાથે સારો વ્યવહાર કરતા હતા પોતે ગુજરનારની ન્યુરોસર્જનની દવા ચાલતી હોય તેવા કારણસર તેઓએ દવા પીધેલ હોય તેવા કથનનો આ સાક્ષીએ ઈન્કાર કરેલ છે. ગુજરનાર ગુસ્સાવાળા સ્વભાવના હતા અને જ્યાં સર્વિસ કરતા હતા ત્યાં સહકર્મચારીઓ સાથે અવારનવાર ઝઘડા કરતા હતા તેવા કથનનો પણ આ સાક્ષીએ ઈન્કાર કરેલ છે.

(૨૧) સાક્ષી અપુર્વા અરુણકુમાર તિવારી (PW-17, Exh.-82) એવો પુરાવો

આપે છે કે ૨૦૧૭ માં તેઓ ધોરણ ૧૨ નો અભ્યાસ પૂર્ણ કરી રાજસ્થાન કોટા મુકામે વધુ અભ્યાસની તૈયારી કરતા હતા અને હોસ્ટેલમાં રહેતા હતા. તેમના પિતાજી મીંડારીકા કંપનીમાં નોકરી કરતા હતા અને કડી રહેતા હતા. તેમના માતૃશ્રી સુધાબેન અવસાન પામેલ હતા જેથી પોતાની અને તેમના ભાઈની ઉંમર નાની હોવાથી તેમના પિતાજીએ વર્તમાનપત્રમાં જાહેરાત આપી રચનાબેન સાથે આર્યસમાજ અનુસાર બીજા લગ્ન કરેલા, તેમનો ભાઈ માનસ તેમના પિતાજી સાથે કડી રહેતો હતો.

(૨૧.૧) આ સાક્ષી વધુમાં પુરાવો આપે છે કે તેઓને તેમના પિતાજી સાથે અવારનવાર ફોન પર વાત થતી હતી ત્યારે તેમના પિતાજી જણાવતા કે ''તારી નવી મમ્મી મને સારી રીતે રાખતી નથી અને તારા ભાઇને પણ સારી રીતે રાખતી નથી બીજા રૂમમાં અલગ ઉંઘાડે છે જેથી હું પરેશાન રહું છું, તારી મમ્મી મિલકતના દસ્તાવેજો માંગે છે તેનું નામ દાખલ કરવા જણાવે છે અને તને નોકરી કરાવવાનું કહે છે, આ રીતે અમારી વચ્ચે ઝઘડા થાય છે જેથી હું કંટાળી ગયેલ છું'' આ સાક્ષી વધુમાં પુરાવો આપે છે કે જૂન ૨૦૧૭ માં કડીથી તેમના ઉપર ફોન આવેલ અને જણાવેલ કે તેમના પિતાજીને હોસ્પિટલમાં દાખલ કરેલ છે જેથી પોતે કોટાથી નીકળી અને બીજા દિવસે કડી મુકામે આવ્યા ત્યારે તેમના પિતાજી અવસાન પામેલા હતા. વધુમાં જણાવે છે કે તેમના પિતાજીને રચનાબેન અવારનવાર હેરાન કરી ઝઘડા કરતા હોય ઝેરી દવા પી મરણ ગયાની હકીકત પોતે જાણેલી. આ બનાવની ફરિયાદ કરવામાં આવતા પોલીસે નિવેદન લીધેલું.

(૨૧.૨) બચાવપક્ષની ઉલટમાં આ સાક્ષી એવું સ્વીકારે છે કે તેમના પિતાજીએ બીજા લગ્ન કર્યા તે સમયે તેમના મોટા કાકા કે અન્ય સંબંધીઓ આવેલા ન હતા. તેના પિતાજીએ બીજા લગ્ન કર્યાના અંદાજીત ત્રણ થી ચાર મહિના પછી બનાવ બનેલ છે. એવું સ્વીકારેલ છે કે તે સમયે પોતે કોટા (રાજસ્થાન) મુકામે અભ્યાસ કરતા હતા અને હોસ્ટેલમાં રહેતા હતા. એવું સ્વીકારે છે કે તેમના પિતાજી

ન્યુરોસર્જન પાસેથી ડિપ્રેશનની દવા લેતા હતા. એવું પણ જણાવે છે કે તેમના માતૃશ્રી સુધાબેને આત્મહત્યા કરેલ હતી. એવું પણ જણાવેલ છે કે તેમના મામા સાથે આ સાક્ષીનો કોઈ સંબંધ નથી. એવું પણ સ્વીકારે છે કે તેમના પિતાજીએ દવા પીધી તે બનાવ બન્તો તે સમયે પોતે કોટા મુકામે રહેતા હતા.

(૨૨) ફરિયાદપક્ષ દ્વારા સાહેદ અશોકકુમાર તિવારી (PW-7, Exh.-43) ને તપાસવામાં આવેલ છે. આ સાક્ષી ગુજરનાર અરુણકુમારના ભાઈ છે. તેઓએ એવો પુરાવો આપેલ છે કે તા.૦૩/૦૬/૨૦૧૭ ના રોજ સાંજના સમયે અરૂણભાઇના દીકરા માનસનો ફોન આવેલ અને જણાવેલ કે અરૂણભાઈએ ઉંદર મારવાની દવા પીધેલ છે અને સારવાર અર્થે કડી હોસ્પિટલ લઈ ગયેલ છે જેથી પોતે બીજા દિવસે કડી ખાતે આવેલ અને હોસ્પિટલે ગયેલ ત્યારે અરૂણભાઈ મરણ ગયેલા હતા.

(૨૨.૧) આ સાક્ષીએ વધુમાં એવો પુરાવો આપેલ છે કે ગુજરનાર અવારનવાર તેમની સાથે મોબાઈલ પર વાત કરતા હતા અને બનાવના ચાર પાંચ દિવસ પહેલા મોબાઈલ પર વાત કરેલી અને જણાવેલ કે તેમના પત્ની રચના હેરાન પરેશાન કરે છે. અરૂણભાઈ નોકરી પર જતા હતા ત્યારે તેમની પત્ની અરૂણભાઈના દિકરાને જમવાનુ આપતી ન હતી અને તેના કારણે અરૂણભાઈ માનસીક તણાવમાં રહેતા હતા. અરૂણકુમારે ઉંદર મારવાની દવા પી આત્મહત્યા કરવા પાછળનું કારણ એ હતું કે તેમની પત્ની રચના તેમને માનસીક ત્રાસ આપતી હતી અને તેમના દિકરાને જમવાનુ આપની ન હતી તેથી માનસીક તાણને કારણે અરૂણભાઈએ આત્મહત્યા કરેલી.

(૨૨.૨) આ સાક્ષીએ આ ડાયરીના સંદર્ભમાં વધુમાં આંક–૨૯ વાળા બે લખાણવાળા કાગળો જોઈને એવો પુરાવો આપેલ છે કે આ કાગળો તેઓએ નિવેદન આપતી સમયે પોલીસને આપેલ હતા. તે કાગળોમાં લખાણ અરુણકુમારના હસ્તાક્ષરમાં છે. તે લખાણમાં લોનના નાણાં

ચૂકવવાની તેમજ નાણાકીય વ્યવહારો પૂરા કરવાની વિગતો લખેલ છે.

(૨૨.૩) બચાવપક્ષની ઉલટમાં આ સાહેદે સ્વિકારેલ છે કે અરૂણભાઈના લગ્નમાં તેઓ કડી આવેલ ન હતા, કડી ખાતે પોતે તેમના ભાઈ અરૂણભાઈનુ મકાન જોયેલ નથી. આ સાહેદે એમ જણાવેલ છે કે પોતે ક્યારેય રચનાબહેનને મળેલ નથી. પોતે કડી ખાતે હોસ્પીટલમાં આવેલ ત્યારે પ્રથમ વાર રચનાબેનને જોયેલા. જયારે આ સાહેદે એવા કથનોનો ઈન્કાર કરેલ છે કે તેઓએ તેમના ગુજરનાર ભાઈને રચનાબેન સાથે લગ્ન કરવાની ના પાડેલ હતી, તેમના ગુજરનાર ભાઈ ડીપ્રેશનની દવા લેતા હતા, નાની વાતમાં ગુસ્સે થઈ જુતા હતા, તેમના ભાઈને કુટુંબના અન્ય સભ્યો સાથે બનતુ ન હતુ અને તેથી તેમના ભાઈએ લગ્નમાં બોલાવેલ ન હતા, અરૂણભાઈના માનસીક ત્રાસથી તેમના પ્રથમ પત્નિ સુધા તિવારીએ આત્મહત્યા કરેલી.

(૨૩) હકીકતના સાહેદોનો ઉપરોકત પુરાવો વંચાણે લેવામાં આવે તો એવી હકીકત રેકર્ડ પર ખુલવા પામેલ છે કે, ગુજરનારના તહોમતદાર સાથેના બીજીવારના લગ્ન છે, ગુજરનારે તહોમતદાર સાથે લગ્ન કર્યાથી અગાઉ ગુજરનારના લગ્ન સુધાબહેન સાથે થયેલ હતા અને તે લગ્નજીવનથી બે સંતાનો એક દિકરી અને એક દિકરો છે જે આ કામે સાહેદ નં. ૧૬ અને ૧૭ સ્વરૂપે ફરીયાદપક્ષ દ્વારા તપાસવામાં આવેલ છે. સુધાબહેનના અવશાન બાદ ગુજરનારે તહોમતદાર સાથે લગ્ન બનાવ બન્યાના દોઢ મહીના અગાઉ કરેલ હતા અને કડી મુકામે ગુજરનાર, ગુજરનારના પુત્ર માનસ (PW નં.૧૬) અને તહોમતદાર સાથે રહેતા હતા, ગુજરનાર અને તહોમતદારના લગ્ન થયા તે અગાઉથી ગુજરનારની દિકરી (PW નં.૧૭) કોટા મુકામે અભ્યાસ કરવા રહેતી હતી. આમ, તે રીતે ફરીયાદપક્ષ દ્વારા તપાસવામાં આવેલ ઉપરોકત સાહેદો, પ્રથમ બાતમીદાર અને પ્રથમ બાતમીદારના ભાઈ કે જેઓ ગુજરનારના સગા ભાઈ થાય છે તેમજ ગુજરનારની

દિકરીનો પુરાવો, આ સાહેદો પૈકી કોઈપણ સાહેદ ગુજરનાર અને તહોમતદાર સાથે રહેલ ન હોવાથી તહોમતદારના વર્તન સબબનો આ સાહેદોનો પુરાવો અંગત જાતમાહીતીનો પુરાવો ગણી શકાય નહીં. આ તમામ સાહેદોનો તહોમતદારના વર્તનના કારણે ગુજરનાર પરેશાન રહેતા હતા અને તેના કારણે ગુજરનારે ઝેરી દવા પીધેલ છે તે મતલબનો પુરાવો કર્ણોપકર્ણ પુરાવો છે જેથી તે માનવાલાયક નથી, કારણ કે, કાયદાની દ્દષ્ટીએ કર્ણોપકર્ણ પુરાવાનુ કોઈ મુલ્ય નથી. વળી, આ તમામ સાહેદોનો પુરાવો લક્ષ્ય પર લેવામાં આવે તો કોઈપણ સાહેદોએ એવા મતલબનો પુરાવો આપેલ નથી કે બનાવ બન્યાથી તરત જ અગાઉ અથવા બનાવ બન્યા બાદ તરત જ ગુજરનારે આ સાહેદો પૈકી કોઈપણ સાહેદ સાથે ફોન પર વાતચીત કરેલ હોય અને તહોમતદારના ત્રાસના કારણે ગુજરનારે બનાવના દિવસે ઝેરી દવા પીધેલ હોય તેવું જણાવેલ હોય. વિશેષમાં, આ બનાવ બન્યા બાદ ગુજરનારને સૌ પ્રથમ ડો. શ્રી અલ્પેશ પ્રજાપતિ પાસે દાખલ કરવામાં આવેલ અને તે સમયે ગુજરનાર ભાનમાં હતા તેમજ ગુજરનારે ડો. શ્રી અલ્પેશ પ્રજાપતિને પોતે ૧૨ વાગ્યે દવા પીધેલ હોવાનુ જણાવેલ છે તેવો પુરાવો ડોકટર શ્રી પ્રજાપતિએ આપેલ છે. આમ, તે સમયે પણ ગુજરનારે ડોકટરશ્રીને તહોમતદારના ત્રાસના કારણે ઝેરી દવા પીધેલ હોવાનુ જણાવેલ નથી તેવી હકીકત અદાલતના રેકર્ડ પર ખુલવા પામેલ છે.

(૨૪) હવે સાહેદ માનસ (PW-16, આંક ૮૧) નો આ સબબ પુરાવો લક્ષ્ય પર લેવામાં આવે તો આ સાહેદે એટલો જ માત્ર પુરાવો આપેલ છે કે રચનાબહેન અવાર નવાર ગુજરનાર સાથે ઝઘડા કરતા હતા અને આ સાક્ષી સાથે પણ સારો વ્યવહાર રાખતા ન હતા. રચનાબહેન ભાઈ–બહેનનો અભ્યાસ બંધ કરાવી, મિલ્કતમાંથી ભાઈ–બહેનનુ નામ કઢાવી મિલ્કત પોતાના નામે કરાવવા અવાર નવાર ગુજરનાર સાથે ઝઘડા કરતા હતા અને તેના કારણે ગુજરનાર સતત ટેન્શનમાં રહેતા

હતા. પરંતુ આ સબબના ઝઘડા કયારે થયેલા તે સબબનો કોઈ જ ચોકકસ વિગતવારનો પુરાવો આ સાહેદે આપેલ નથી, આવા ઝઘડા થયા તે સમયે ગુજરનારે અગાઉ શું કોઇ કાર્યવાહી કરેલી કે કેમ? તે સબબ કોઇ જ પુરાવો આ સાહેદે આપેલ નથી કે તેવો કોઇપણ પુરાવો ફરીયાદપક્ષ રજુ કરી શકેલ નથી. જેથી આ સાક્ષીએ માત્ર ઉપરોકત પુરાવો આપેલ છે તે પુરાવો ભારતીય દંડ સંહીતાની કલમ ૩૦૬ ના આક્ષેપો શંકારહીત પુરવાર કરવા માટે પુરતો નથી.

(૨૫) રજુ કરવામાં આવેલ પુરાવાનુ વિશેષ મુલ્યાંકન કરવામાં આવે તો ફરીયાદપક્ષનો સમગ્ર કેસ મુખ્યત્વે આંક ૨૯ થી રજુ કરવામાં આવેલ ડાયરીમાં લખવામાં આવેલ સ્યુસાઈડ નોટ પર આધારીત છે. વિ. એ.પી.પી.શ્રીએ આ સબબ એવી દલીલ કરેલ છે કે આંક ૨૯ થી રજુ કરવામાં આવેલ સ્યુસાઈડ નોટ મરણોન્મુખ નિવેદન ગણાય અને તેથી તેને માનવાને કારણ રહે છે. આંક ૨૯ માં ગુજરનારે સ્પષ્ટપણે એવું જણાવેલ છે કે તહોમતદારનો ત્રાસ હતો. આમ, તહોમતદારના ત્રાસના કારણે ગુજરનારે ઝેરી દવા પી પોતાનુ આયુષ્ય જાતે ટુંકાવ્યુ હોઈ કલમ ૩૦૬ પુરવાર થાય છે. આ સબબની ગુણદોષ પર ચર્ચા કરવામાં આવે તો ફરિયાદપક્ષ એવી હકીકત સાથે અને એવા કેસ સાથે ઉપસ્થિત થયેલ છે કે ગુજરનાર અરુણકુમારે ઝેરી દવા પીધી તે પહેલા એક સુસાઇડ નોટ લખેલ હતી અને તે સુસાઇડ નોટમાં હાલના આરોપીનું નામ દર્શાવેલ છે. આ સબબ રજૂ થયેલ પુરાવાની ચર્ચા કરવામાં આવે તો ફરિયાદપક્ષ દ્વારા ઉપરોક્ત નોંધવામાં આવેલ છે તે રીતે પ્રથમ બાતમીદારના પુરાવા દરમિયાન આંક–૨૯ થી ડાયરી રજૂ કરવામાં આવેલ છે. જો કે, તપાસ કરનાર અમલદારશ્રીએ સદરહુ ડાયરીને મુદ્દામાલ સ્વરૂપે આર્ટીકલ નં.૨ તરીકે કબજે કરેલ છે પરંતુ તે ડાયરીને પ્રથમ બાતમીદારના પુરાવા દરમિયાન આંક આપવામાં આવેલ હોવાથી સદરહુ ડાયરી આ સેસન્સ કેસના રેકર્ડમાં આંક–૨૯ થી સામેલ છે. ફરિયાદપક્ષના કેસ અનુસાર સદરહુ ડાયરી તપાસ

કરનાર અમલદારશ્રીએ ગુનાવાળી જગ્યાનુ પંચનામુ કરેલું તે સમયે પંચો રૂબરૂ કબજે કરેલ છે. આ તબકકે આંક ૧૪ થી રજુ કરવામાં આવેલ ગુન્હાવાળી જગ્યાનુ પંચનામુ લક્ષ્ય પર લેવામાં આવે તો તે તા.૭/૬/૨૦૧૭ ના રોજ કરવામાં આવેલ છે અને તેમાં એવો ઉલ્લેખ છે કે સાહેદ દીલીપકુમાર જુગલકીશોર પ્રસાદનાઓએ ગુજરનારની રોજકામની એક ડાયરી ફરીયાદી (પ્રથમ બાતમીદાર) ને આપેલી તે ડાયરી ફરીયાદી પંચો રૂબરૂ રજુ કરતા હોઈ તે કબ્જે લીધેલ છે. જો કે, આ સબબ ફરિયાદપક્ષ દ્વારા ગુન્હાવાળી જગ્યાના પંચનામા (આંક ૧૪) ના પંચ સાહેદ પીનાકીન રમેશભાઈ બારોટ (PW-2, Exh.-13) ને તપાસવામાં આવેલ છે અને તેમના પુરાવા દરમિયાન આંક-૧૪ થી ગુનાવાળી જગ્યાનુ પંચનામું રજૂ કરવામાં આવેલ છે. પરંતુ આ પંચ સાહેદે ફરીયાદપક્ષને સમર્થનકારી પુરાવો આપેલ નથી. આ સાક્ષીએ એવો પુરાવો આપેલ છે કે તા.૦૭/૦૬/૨૦૧૭ ના રોજ પોલીસે તેઓને તિવારીભાઈનુ મૃત્યુ થયેલ હતું ત્યાં આગળ પંચનામુ કરવા માટે બોલાવેલ હતા ત્યારે પોલીસે પંચનામુ લખીને તૈયાર કરેલ હતુ તેમાં પોતાની સહી કરાવેલી આ સિવાય પંચનામા વિશે બીજું કંઈ જાણતા નથી. આમ, આ સાક્ષીએ ફરિયાદપક્ષને સમર્થનકારી પુરાવો આપેલ નથી. ફરિયાદપક્ષ દ્વારા આ સાક્ષીને ફરી ગયેલ જાહેર કરવામાં આવેલ છે અને ત્યારબાદ ફરિયાદપક્ષે જાતે આ સાક્ષીની ઉલટ તપાસ પણ કરેલ છે પરંતુ આ ઉલટ તપાસ દરમિયાન પણ આ પંચ સાક્ષીએ ફરિયાદપક્ષને સમર્થનકારી પુરાવો આપેલ નથી. આ પંચનામાના બીજા પંચ અબ્બાશમિયાં રશૂલમિયાં મલેકને ફરિયાદપક્ષ દ્વારા તપાસવામાં આવેલ નથી.

(૨૬) જો કે, પ્રથમ બાતમીદાર (PW નં.૫, આંક ૨૭) નાએ એવો પુરાવો આપેલ છે કે તેમના ભાઈની કંપનીમાં કામ કરનાર દિલીપભાઈએ તેઓને એક બ્લુ કલરની ડાયરી આપેલી, જે ડાયરી પોતે પોલીસને આપેલી. આ ઉપરાંત સાક્ષી દિલીપકુમાર જુગલકિશોર પ્રસાદ (PW

નં.૧૩, આંક ૭૨) નાએ એવો પુરાવો આપેલ છે કે બનાવના બીજા દિવસે પોલીસ સાથે તેઓ અરૂણકુમારના દિકરાના કપડા લેવા સારૂ અરૂણકુમારના ફલેટ પર ગયેલા તે વખતે તપાસ કરતા અરૂણકુમારની એક ડાયરી મળી આવેલી, જે પોલીસે કબ્જે લીધેલ. જયારે સાહેદ બલવંતસિંહ શિવાજી ચૌહાણે (PW-15, Exh.-78) એવા મતલબનો પુરાવો આપેલ છે કે જયારે ફરીયાદી ફરીયાદ લખાવવા પોલીસ સ્ટેશને આવેલ ત્યારે ફરીયાદીએ આંક ૨૯ વાળો પુરાવો ફરીયાદ સાથે રજુ કરેલો. આમ, આંક ૨૯ ની ડાયરી કબ્જે કરવામાં આવ્યા સબબનો પુરાવો જ શંકાસ્પદ છે. સાહેદ દિલીપકુમારના પુરાવા અનુસાર બનાવના બીજા દિવસે તેઓ પોલીસ સાથે બનાવના સ્થળે ગયા તે સમયે પોલીસે કબ્જે લીધેલ છે, જ્યારે પ્રથમ બાતમીદારના કથન અનુસાર તેઓને તા.૪/૬/૨૦૧૭ ના રોજ બનાવની જાણ થતા તેઓ બીજા દિવસે એટલે કે તા.૫/૬/૨૦૧૭ ના રોજ બપોરે હોસ્પીટલે પહોંચેલ છે અને પ્રથમ બાતમીદારે એવો પુરાવો આપેલ છે કે સાહેદ દિલીપકુમારે પ્રથમ બાતમીદારને ડાયરી આપેલી તે ડાયરી પ્રથમ બાતમીદારે પોલીસને આપેલી, ફરીયાદ લેનાર સાક્ષીએ એવો પુરાવો આપેલ છે કે ફરીયાદીએ ફરીયાદ આપી તે સમયે તે ડાયરી ફરીયાદ સાથે રજુ કરેલી. પરંતુ આંક ૧૪ થી રજુ થયેલ ગુન્હાવાળી જગ્યાનુ પંચનામુ વંચાણે લેવામાં આવે તો આ પંચનામુ બનાવના ત્રણ દિવસ બાદ તા.૭/૬/૨૦૧૭ ના રોજ અને પ્રથમ બાતમી અહેવાલ નોંધાવ્યાના એક દિવસ બાદ કરવામાં આવેલ છે તે સમયે પ્રથમ બાતમીદારે પોલીસને ડાયરી આપ્યાનો ઉલ્લેખ છે. આમ, તે રીતે ડાયરી કબ્જે કરવામાં આવ્યા સબબનો આ પુરાવો જ એકબીજાથી વિરોધાભાસી છે અને જેથી તે પુરાવો ડાયરી કયાંથી મળી આવી, કેવી રીતે કબ્જે કરવામાં આવી તે હકીકત સબબ જ શંકા ઉપસ્થિત કરે છે.

(૨૭) આ સબબ રજુ થયેલ પુરાવાના વિશેષ મુલ્યાંકનની ચર્ચા કરવામાં

આવે તો ફરિયાદપક્ષના કેસ અનુસાર સદરહુ આંક ૨૯ વાળી ડાયરીમાંથી જે સુસાઇડ નોટ મળી આવેલ તે પરીક્ષણ અર્થે ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીને મોકલવામાં આવેલ હતી અને ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી દ્વારા પૃથ્થકરણ કરી તેનો રિપોર્ટ તપાસ કરનાર અધિકારીને મોકલેલ. આ સબબ ફરિયાદપક્ષ દ્વારા સાહેદ ભદ્રેશકુમાર સેવંતીલાલ શાહ (PW-10, Exh.-59) ને તપાસવામાં આવેલ છે. આ સાક્ષીએ એવો પુરાવો આપેલ છે કે તેઓએ હેન્ડરાઈટીંગ અને ફોટોગ્રાફી બ્યુરો, ડાયરેકટોરેટ ઓફ ફોરેન્સીક સાયન્સ, ગાંધીનગર ખાતે આસીસ્ટન્ટ એકઝામીનર ઓફ કવેશ્ચન્ડ ડોક્યુમેન્ટ તરીકે ૨૫ વર્ષ સુધી ફરજ બજાવેલ છે, ત્યારબાદ ડેપ્યુટી ચીફ એકઝામીનર ઓફ કવેશ્ચન્ડ ડોકયુમેન્ટ તરીકે ૬ વર્ષ સુધી ફરજ બજાવેલ છે. પોતે એમ.એસ.સી. ડી.ડી.ઈ., એલ.એલ.બી.નો અભ્યાસ કરેલ છે. વધુમાં આ સાક્ષીએ પુરાવો આપેલ છે કે પોલીસ અધિક્ષકશ્રી, મહેસાણા ના પત્ર સાથે પોલીસ ઈન્સ્પેકટરશ્રી, કડી પો.સ્ટે.ના તા.૨૮/૦૭/૨૦૧૭ ના રીપોર્ટ સહિત આ કેસના દસ્તાવેજો તપાસણી સારૂ તેમની કચેરીને મળેલા. આ પત્રો સાથે તકરારી દસ્તાવેજ તરીકે એક વાદળી પુંઠાવાળી ડાયરી જેમાં તકરારી માર્ક–ડી/૧ અને ડી/૨ વાળા લખાણ હતા તથા માર્ક–એન/૧, એન/૨ અને એન/૩ વાળા મરણ જનારના કુદરતી લખાણવાળા દસ્તાવેજો કચેરીએ મોકલવામાં આવેલ હતા. આસીસ્ટન્ટ ડાયરેકટર શ્રી આર.એન.ગુણાએ તપાસણી સારૂ આ દસ્તાવેજો સ્વીકારેલ અને તેઓએ સહી કરેલી. આ સાક્ષીએ પેનલ નિષ્ણાંત તરીકે અભિપ્રાયમાં સહી કરેલી. આંક–૨૯ વાળી ડાયરીના તકરારી લખાણ માર્ક–ડી/૧ અને ડી/૨ શ્રી આર.એન.ગુણાએ તપાસેલ અને આ બન્ને લખાણ તેમજ આંક–૬૧ વાળા માર્ક–એન/૧ અને એન/૨ અને એન/૩ ના કુદરતી લખાણ સાથે સરખામણી કરતાં એવા અંતિમ અભિપ્રાય પર આવેલ કે, તકરારી લખાણ અને કુદરતી લખાણ એક જ લખનારે લખેલ છે. શ્રી આર.એન.ગુણા મૃત્યુ પામેલ હોઇ આ સાક્ષી પોતાની તથા શ્રી આર.એન.ગુણા ની સહી

આંક–૬૨ વાળા અભિપ્રાયમાં ઓળખી બતાવે છે.

(૨૭.૧) બચાવપક્ષની ઉલટમાં સાહેદ એવુ સ્વીકારે છે કે દસ્તાવેજોની તપાસ તથા અભિપ્રાયમાં મુખ્ય તપાસકર્તા તરીકે શ્રી આર.એન.ગુણા એ અભિપ્રાય આપેલ છે. જો કે, આ સાક્ષીએ એવું પણ જણાવેલ છે કે આ દસ્તાવેજની તપાસમાં તેઓ પણ સાથે હતા અને દસ્તાવેજ તપાસેલ છે અને અભિપ્રાયમાં સહી કરેલ છે. આ સાક્ષીએ એવું જણાવેલ છે કે આ કેસમાં ડાયરી સિવાય બીજા ત્રણ છુટા કાગળો પરીક્ષણ માટે મળેલા હતા, ડાયરીના હસ્તાક્ષર તથા સાથેના છૂટા ત્રણ કાગળોમાના હસ્તાક્ષરનુ પરિક્ષણ જનરલ અને ઈન્ડીવ્યુઅલ કેરેકટરીસ્ટીકથી કરેલ છે. આ સાક્ષીએ એવું સ્વીકારેલ છે કે કોઈ વ્યક્તિની માનસિક પરિસ્થિતિ મૂંઝવણમાં હોય ત્યારે તેના લખાણમાં સામાન્ય ફેરફાર આવી શકે. એવું પણ સ્વીકારેલ છે કે કોઈ વ્યક્તિ આત્મહત્યા કરવાનુ વિચાર કરતો હોય તો તે વ્યક્તિ લખાણ કરે તો તે ઊંડાણપૂર્વક લખી શકે અને ન પણ લખી શકે. જો કે, આ સાક્ષીએ એવા કથનનો ઈન્કાર કરેલ છે કે કોઈ વ્યક્તિ પેનથી લખે અને પેન્સીલથી લખે તો તફાવત આવી શકે. એવા કથનનો પણ ઈન્કાર કરેલ છે કે ડાયરીમાંના તકરારી લખાણ ડી/૧ અને ડી/૨ વાળા લખાણ માનસિક પરિસ્થિતિ સારી ન હોય તો આવું લખાણ લખી શકે નહીં.

(૨૮) ઉપરોકત પુરાવાથી એવી હકીકત પુરવાર થાય છે કે આંક ૨૯ ની ડાયરીના પાના નં.૫૬ પર જે લખાણ છે તે ગુજરનારના હસ્તાક્ષરમાં છે. આ તબકકે આંક ૨૯ થી રજુ ડાયરીના પાના નં.૫૬ કે જેના પર ડી–૧, ડી–૨ માર્ક આપવામાં આવેલ છે, જેમાં ઉપરના હાંસીયામાં અંગ્રેજીમાં તેમજ હીન્દીમાં એવો ઉલ્લેખ છે કે,

> I am commit suicide to Racha હમારે (શબ્દ વાંચી શકાતો નથી) કરી થી વ તનુ કી માનસ કી પઢાઈ બંદ કરકર

ખુદ એશ કરના ચાહતી હૈ.

ત્યારબાદ આ પાના પર ત્રણ નામ લખવામાં આવેલ છે તેની સામે રકમ લખવામાં આવેલ છે અને તેના નીચે એવો ઉલ્લેખ છે કે,

મુજે સારે લાગ માફ કર દેના, લેકીન અબ મેંરે લીએ Suicide હી એક રાસ્તા હૈ. તનુ L.I.C. Policy સે પેમેન્ટ લેકર અપને પાસ રખના હૈ.

ત્યારબાદ બેન્કની વિગતો લખેલ છે અને તેની નીચે એવો ઉલ્લેખ છે કે,

જીજી વ સભી મુજે માફ કરના વ મેંરે બચ્ચો કો અપને સાથ રખના, Policies કા પેમેન્ટ મિલેગા.

આ પાનાની સામેના પાના પર વર્ષ–૨૦૧૭–૧૮ નો પાંચમાં મહીનાનો હીસાબ લખેલ હોવાનુ જણાઈ આવે છે અને તેની નીચે એવો ઉલ્લેખ છે,

મેરી મૌત કી જીમ્મેદાર રચના હૈ. મેંરે દોનો બચ્ચે Tanu & Manas Buaji કે સાથ રહેંગે. તનુ પહેલે HDFC કા Credit Card પેમેન્ટ કરના... (બાદ લખેલી લાઈન વાંચી શકાતી નથી.)

આમ, ઉપરોકત પુરાવો વંચાણે લેવામાં આવે તો આંક ૨૯ માં માત્ર તહોમતદારનુ નામ લખવામાં આવેલ છે, પરંતુ કયા કારણથી તહોમતદાર ગુજરનારના મૃત્યુ માટે જવાબદાર છે તેનો ઉલ્લેખ નથી, બનાવના દિવસે ગુજરનાર અને તહોમતદાર વચ્ચે કોઈ વાતચીત થયેલ હોય, કોઈ ઝઘડો થયેલ હોય અથવા તો એવા કોઈ સંજોગો ઉભા થયેલ હોય કે તેવા કારણસર ગુજરનારને તાત્કાલીક ઝેરી દવા પી લેવા દુષ્પ્રેરણ થયેલ હોય અથવા તો તે સિવાય અન્ય કોઈ ઉપાય તે સમયે ગુજરનારને ન મળેલ હોય અને તેવી ઘટના કે ઉશ્કેરણીના

કારણસર ઝેરી દવા ગુજરનારે પી લીધેલ હોય તે સબબનો કોઈ જ ઉલ્લેખ નથી. જો કે, ગુજરનારના સંતાનોનો અભ્યાસ બંધ કરાવી તહોમતદાર એશ કરવા માંગે છે તેવો ઉલ્લેખ છે, પરંતુ આટલો ઉલ્લેખ માત્ર હોવાથી કલમ ૩૦૬ ના કે કલમ ૧૦૭ ના આવશ્યક તત્વો પુરવાર થયેલા ગણી શકાય નહીં. ડાયરીમાં આ કથન કયારે લખવામાં આવ્યું તે સબબનો કોઈ જ પુરાવો ફરીયાદપક્ષ રજુ કરી શકેલ નથી. સ્યુસાઈડ નોટમાં નામ હોવા માત્રથી તહોમતદારને ભારતીય દંડ સંહીતાની કલમ ૩૦૬ સબબ તકસીરવાન ઠરાવી શકાય નહીં, પરંતુ કલમ ૧૦૭ ના આવશ્યક તત્વો, ઉશ્કેરણીના આવશ્યક તત્વો પુરવાર થવા આવશ્યક છે. નામદાર શ્રી સુપ્રીમકોર્ટે પટેલ બાબુભાઈ મનોહરદાસ અને બીજા વિ. ધી સ્ટેટ ઓફ ગુજરાત [2025 LiveLaw (SC) 288] ના ચુકાદામાં ઠરાવેલ છે કે, આપઘાત કરવા માટે મજબુર કરનાર ઉશ્કેરણી અને સમીપવર્તી અથવા તો ત્વરીત કૃત્ય સિવાય માત્ર સ્યુસાઈડ નોટમાં નામ હોવું તે કલમ ૩૦૬ પુરવાર થવા માટે પુરતું ગણાય નહીં. સદર ચુકાદાના પેરા નં. ૪૫ નીચે મુજબ છે.

> 45. Finally, even if we take the suicide note as correct and genuine, we do not find any act of incitement on the part of the appellants proximate to the date on which the deceased committed suicide. No act is attributed to the appellants proximate to the time of suicide which was of such a nature that the deceased was left with no alternative but to commit suicide. In such circumstances, it cannot be said that any offence of abetment to commit suicide is made out against the appellants.

ઉપરોકત ચુકાદામાં સ્થાપિત કરવામાં આવેલ સિધ્ધાંત હાથ પરના કીસ્સામાં લાગુ કરવામાં આવે તો હાથ પરના કીસ્સામાં પણ ઉપરોકત નોંધ્યા અનુસાર આંક ૨૯ વાળી ડાયરીમાં માત્ર આરોપીનુ નામ દર્શાવેલ છે તે સિવાય કોઈ જ સમીપવર્તી સંજોગો એવા દર્શાવેલા નથી કે આરોપીએ એવી ઉશ્કેરણી કરેલ હોય કે જેથી ગુજરનારે બનાવના દિવસે આપઘાત કર્યા સિવાય અન્ય કોઈ જ વિકલ્પ રહ્યો

ન હોય. ઉલ્ટાનુ, આંક ૨૯ ની ડાયરીના પાના નં. ૫૬ પર કરવામાં આવેલ નીચે મુજબનો ઉલ્લેખ ધ્યાને લેવામાં આવે તો પણ માત્ર આરોપીની ઉશ્કેરણીના કારણે જ ગુજરનારે આપઘાત કરેલ હોવાની હકીકત શંકાસ્પદ બની જાય છે. આંક ૨૯ ની ડાયરીના જે પાના પર ડી-૧, ડી-૨ માર્ક કરેલ છે ત્યાં ડાબી સાઈડના હાંસીયામાં ઉલ્લેખ છે કે,

> Dilip કો 15770- દેને હૈ. Jain Sir કો લગભગ 40,000- દેને હૈ. જો મિલેગા Vr સે બાકી મેરા હૈ. 4/6. સહી/−અવાચ્ય 4/6/17.

આ પાના પર એવો પણ ઉલ્લેખ છે કે,

> મેરા 15770-Vr. No. 5, 6, 7, 8 = 56656 કા પેમેન્ટ નહીં મિલા હૈ નહીં, Vr. No. 13, 14, 15, 16, 17, 18, 19 Amit કો ભેજા થા પેમેન્ટ નહીં હુઆ.

જયાં ડી−૨ માર્ક કરેલ છે તે પાના પર એવો ઉલ્લેખ છે કે,

> મુજે Vr. No. 9, 10, 11, 12 (56656) પેમેન્ટ નહીં મિલા હૈ,
> Dilip કો 10,000.00 દેને હૈ
> R.K.Jain કો 25,000.00 દેને હૈ.

આમ, ઉપરોકત પુરાવો લક્ષ્ય પર લેવામાં આવે તો તહોમતદારની ઉશ્કેરણીના કારણે જ ગુજરનારે બનાવના દિવસે આપઘાત કરવાનુ પગલું ભરેલ હોવાની હકીકત શંકારહીત રીતે પુરવાર કરવામાં ફરીયાદપક્ષ સફળ રહેલ હોવાનુ માની શકાય નહીં. આ ઉપરાંત ગુજરનારની દિકરી અપુર્વા (PW નં.૧૭, આંક ૮૨) એ ઉલટ તપાસમાં એવી હકીકત સ્પષ્ટપણે સ્વિકારેલ છે કે, "એ વાત ખરી છે કે મારા પિતાજી ન્યુરોસર્જન પાસેથી ડીપ્રેશનની દવા લેતા હતા." આમ, આ પુરાવો પણ ફરીયાદપક્ષના સમગ્ર કેસને પ્રબળ રીતે શંકાસ્પદ હોવાનુ દર્શાવે છે.

(૨૯) ઉપરોકત નોંધવામાં આવેલ છે તે મુજબ ભારતીય દંડ સંહીતાની કલમ–૩૦૬ સાથે કલમ ૧૦૭ ની જોગવાઇ ધ્યાને લેવાની રહે છે અને કલમ–૧૦૭ મુજબ તેમાં માત્ર કોઇ કૃત્યનુ દુષ્પ્રેરણ કર્યુ કયારે ગણાય તે દર્શાવેલ છે, એટલે કે, તેમાં કોઇ ગુનાનુ દુષ્પ્રેરણ દર્શાવેલ નથી, પરંતુ જે કૃત્યનુ દુષ્પ્રેરણ કરવામાં આવે તે ગુનો હોય તો તે ગુનામાં દુષ્પ્રેરણ કર્યુ છે, તેમ કહી શકાય. ભારતીય દંડ સંહીતાની કલમ–૧૦૭ માં ચઢવણી, કાવતરામાં સંડોવવું અને ઈરાદાપૂર્વકની પ્રત્યક્ષ કે પરોક્ષ સહાયતા, તે ત્રણ તત્વોને સમાવી લેવામાં આવ્યા છે. ચઢવણીને ઉશ્કેરણી પણ કહી શકાય. ઉપરોકત નોંધવામાં આવેલ ચુકાદામાં સ્થાપિત કરવામાં આવેલ સિધ્ધાંત અનુસાર ચઢવણી કરવી કે ઉશ્કેરણી કરવી તે વ્યકિતના માનસ ઉપર અસર કરતી બાબત છે. ખોટું કે ગેરકાનુની કૃત્ય કરનારને ચઢવણીના કારણે તેમાં વેગ મળે છે અથવા ઘણી વાર કૃત્ય કરવાનું દ્રઢ નિર્ણય કરી બેસે છે, મજબુત મનોબળ વાળી વ્યકિત ના ઉશ્કેરાય તેવું બની શકે. ઈરાદાપૂર્વકની ચઢવણી ઘણી રીતે કરી શકાય છે, જેમ કે, ગેર–રજુઆતથી, કશુંક છુપાવીને, ખોટી સલાહ–સુચન આપીને, ખોટી દોરવણી કરીને. ચઢવણીમાં ગુનો કે કૃત્ય કે કોઇ બાબત કરવા દોરી જતી તમામ બાબતનો સમાવેશ થાય છે, એમ કહી શકાય. દુષ્પ્રેરણ કરવામાં આવે ત્યારે મહત્વની બાબત તેમ કરનારનો ઈરાદો છે. લગ્નજીવનના સામાન્ય વિવાદ, મતમતાંતરો, જીવન પધ્ધતીના કારણે થતા ઝઘડાને ચઢવણી ન ગણાય. ભારતીય દંડ સંહીતાની કલમ–૩૦૬ અંગે કોઇને ગુનેગાર ઠરાવતા સમયે સૌ પ્રથમ એ પુરવાર થવું જોઇએ કે, આત્મહત્યાથી મૃત્યુ થયું છે અને ત્યારબાદ તે અંગે દુષ્પ્રેરણ કરવામાં આવેલ હતું કે કેમ ? તે નકકી કરવાનું હોય છે.

(૩૦) ઉપરોકત નોંધવામાં આવેલ ચુકાદામાં સ્થાપિત કરવામાં આવેલ સિધ્ધાંત નજરે આપઘાત કરવા માટે દુષ્પ્રેરણ કરવાના ઈરાદાથી તહોમતદાર દ્વારા ગુજરનારને અસહ્ય ત્રાસ અથવા ઉશ્કરણી કરવામાં

આવેલ હોય તે હકીકત શંકારહીત રીતે પુરવાર થવી જોઈએ. આવો કોઈ જ પુરાવો હાથ પરના કીસ્સામાં ફરીયાદપક્ષ રજુ કરી શકેલ નથી. હકીકતના સાહેદોનો ઉપરોકત પુરાવો લક્ષ્ય પર લેવામાં આવે તો માત્ર સામાન્ય પ્રકારના આક્ષેપો કરવામાં આવેલ છે, બનાવ સંબંધે કોઈ જ સચોટ, સ્પષ્ટ અને વિગતવારનો પુરાવો આપવામાં આવેલ નથી. આમ, તહોમતદાર વિરૂધ્ધ ભારતીય દંડ સંહીતાની કલમ ૩૦૬ ના મહત્વના તત્વો શંકારહીત પુરવાર થઈ શકતા નથી તેમ આ અદાલતનુ સ્પષ્ટપણે માનવુ છે.

(૩૦.૧) ના.શ્રી સુપ્રીમકોર્ટે sharad Birdhichand Sarda Vs. State of Maharashtra [AIR 1984 SC 1622] ના ચુકાદામાં ઠરાવેલ છે કે,

> “The psychological aspect of suicide is an important factor to be taken into account while re-appreciating the evidence. The melancholy marriage may create so much of emotional disorder resulting from frustration and pessimism that one may become psychotic and develop a tendency to end his life. Persons with such psychotic philosophy or bent of mind always dream of an idea, they possess a peculiar psychology which instills extreme love and devotion but when their ideal fails or when they are faced with disappointment or find their environment so unhealthy or unhappy, they seem to lose all the charms of life and they are driven to end their life. Ruptured personal relationship plays a major part in the clinical picture. Further, the psychologically oriented theories view that suicide is a means of handling aggressive impulses engendered by frustration. Revenge fantasies are associated with suicide. In cases of women of sensitive and sentimental nature it has usually been observed that if they are tired of their life due to the action of their kith and kin, they become so desperate that they develop a spirit of revenge and try to destroy those who had made their lives worthless and under this strong spell of revenge sometimes they can go to the extreme limit of committing suicide with a feeling that the subject who is the root cause of their malady is also destroyed. Moreover, the constant fact of wailing and

> weeping, feeling miserable, feelings of hopelessness about the future, suicidal thoughts etc. which show depressed mood as also factors such as fear, anxiety and worry are some of the important symptoms of an intention to commit suicide."

(૩૧) વિશેષમાં આ તમામ સાક્ષીઓ પૈકી કોઈપણ સાક્ષીઓએ ગુજરનાર અને આરોપી વચ્ચે ક્યારે ઝઘડા થયા, તે સમયે શું પગલાં લેવામાં આવેલ તે બાબતે સ્પષ્ટ કે સચોટ કથનો કરેલા નથી. માત્ર અને માત્ર ત્રાસ હતો તેવું કથન કરી દેવાથી તહોમતદારે ગુજરનારને આપઘાત કરવા માટે દુષ્પ્રેરણ આપેલ હોવાનુ શંકારહીત રીતે પુરવાર થયાનુ માની શકાય નહીં. માત્ર એવો પુરાવો આપેલ છે કે તહોમતદાર ગુજરનારના દિકરા–દિકરી ને અભ્યાસ કરાવવા માંગતા ન હતા અને ગુજરનારની મિલ્કતમાં પોતાનુ નામ દાખલ કરાવવા દબાણ કરતા હતા. પરંતુ ઉપરોકત નોંધવામા આવેલ છે તે રીતે ગુજરનાર અને તહોમતદારના લગ્ન બનાવ બન્યાના માત્ર દોઢ મહીના અગાઉ થયેલ હતા અને તે સમયગાળામાં તહોમતદારે ગુજરનારને એટલા પ્રમાણમાં અસહ્ય ત્રાસ આપેલ હોય કે ગુજરનારને આપઘાત કરવા માટે દુષ્પ્રેરણા થયેલ હોય તે સ્પષ્ટ, સચોટ અને મજબુત પુરાવા સિવાય સામાન્ય રીતે માની શકાય તેવું કથન નથી. ફરિયાદપક્ષ આ અંગેની સચોટ હકીકત દર્શાવતો વિગતવારનો પુરાવો રજૂ કરવામાં તદ્દન નિષ્ફળ ગયેલ છે. આમ, તે રીતે રજૂ કરવામાં આવેલ હકીકતના સાહેદોના ઉપરોક્ત સમગ્ર પુરાવાનુ બારીકાઈથી તેમજ ઝીણવટભરી રીતે મૂલ્યાંકન કરવામાં આવે તો તહોમતદાર વિરુદ્ધ એવો કોઈ જ પુરાવો ફરિયાદપક્ષ રજૂ કરી શકેલ નથી કે જેનાથી એવું સ્થાપિત થતું હોય કે તહોમતદારે ગુજરનારને આપઘાત કરવાની દુષ્પ્રેરણા આપવા માટે ઉશ્કેરણી કરેલ હોય.

(૩૨) ફરિયાદપક્ષ દ્વારા હકીકતના સ્વતંત્ર સાહેદો સ્વરૂપે અન્ય જે સાહેદો તપાસવામાં આવેલ છે તે સાહેદોના પુરાવાની ચર્ચા કરવામાં આવે તો

ફરિયાદપક્ષે વ્યાપક મોહન શર્મા (PW-08, Exh.-44) ને તપાસેલ છે. આ સાક્ષીએ એવો પુરાવો આપેલ છે કે તેઓ મીંડારીકા કંપનીમાં ડે.મેનેજર તરીકે નોકરી કરે છે, તેઓ ગુજરનાર અરૂણકુમાર ભાનુપ્રસાદ શર્માને ઓળખે છે, અરૂણકુમાર નોકરીમાં લાગ્યા તેના બે મહીના પછી પોતે પણ નોકરીમાં તે જ કંપનીમાં લાગેલ હોવાથી ગુજરનારને ઓળખતા હતા.

(૩૨.૧) આ સાક્ષીએ એવો પુરાવો આપેલ છે કે, અરૂણકુમાર કડી ખાતે રહેતા હતા અને તેઓએ ઉંદર મારવાની દવા પી લીધેલી. આ સાક્ષીએ એવું જણાવેલ છે કે સહકર્મચારીએ ફોન પર જણાવેલ કે અરૂણકુમારે ઉંદર મારવાની દવા ખાઇ લીધેલ છે અને તેઓને હોસ્પીટલે લઈ ગયેલ છે જેથી આ સાક્ષી કડી મુકામે ભાગ્યોદય હોસ્પીટલ ખાતે આવેલ અને જોયું તો અરૂણકુમારને ઈમરજન્સી વોર્ડમાં દાખલ કરેલ હતા અને તેમની સારવાર ચાલતી હતી, તેઓને ઉલટી થતી હતી, તેઓના પેટમાંથી પાણી કાઢવામાં આવતું હતું અને તેમના કપડા બગડી ગયેલ હોઈ તે બદલાવેલા. ત્યારબાદ તેઓને એ.સી.રૂમમાં શીફ્ટ કરવામાં આવેલા. આ સમયે પોતે તેમજ કંપનીના બે ઈસમો શની શર્મા અને દયાશંકર દાની પણ હાજર હતા. વધુમાં આ સાહેદે જણાવેલ છે કે રાત્રે ૦૮:૩૦ વાગ્યે પોતે ઘરે પરત આવેલ અને ૧૧ વાગ્યે મોબાઈલ પર દયાશંકર દાનીએ ફોન કરી જણાવેલ કે, અરૂણકુમાર હલનચલન કરતા નથી જેથી પોતે હોસ્પીટલ ગયેલ અને ત્યાં ડોકટરે અરૂણકુમારને મરણ ગયાનું જાહેર કરેલ.

(૩૨.૨) આ સાક્ષીએ એવો પણ પુરાવો આપેલ છે કે અરૂણકુમારે ઉંદર મારવાની દવા પીવા પાછળનુ કારણ એ હતું કે તેઓ પરેશાન રહેતા હતા. તેઓએ એક દિવસ પોતાને જણાવેલ અને તે સમયે પોતે ગાડીમાં જતા હતા ત્યારે અરૂણકુમારે અચાનક ગાડીને બ્રેક મારી ઉભી રાખેલ અને રડવા લાગેલ જેથી આ સાક્ષીએ પુછેલ કે, શું થયું તો તેઓએ જણાવેલ કે તેઓએ રચનાબેન સાથે લગ્ન કરેલ છે પરંતુ તેણી દીકરાને સારી રીતે રાખતી નથી, ખાવાનુ આપતી નથી, છોકરાને

ઘરની બહાર કાઢી મૂકે છે. વધુમાં પુરાવો આપેલ છે કે ત્યારબાદ પોતે અરૂણકુમારને શાંત પાડેલા અને ગાડીની બહાર ઉતરી બીજા વ્યક્તિ મારફતે ગાડી ડ્રાઈવ કરી કંપનીમાં ગયેલા. અરૂણકુમારે ઉંદર મારવાની દવા પીધી તેના આશરે એકાદ મહીનાની અંદર જ તેઓએ ગાડીમાં જતી વખતે આ વાત કરેલી તેમ આ સાક્ષીએ પુરાવો આપેલ છે. આ સાક્ષી તહોમતદારને અદાલત રૂબરૂ ઓળખી બતાવે છે.

(૩૨.૩) બચાવપક્ષની ઉલટમાં આ સાક્ષીએ એવું સ્વીકારેલ છે કે, પોલીસ નિવેદનમાં અરૂણકુમાર તેમની સાથે ગાડીમાં હતા તે સમયે જે હકીકત બનેલી તેવી લખાવેલ ન હતી. એવું પણ સ્વીકારે છે કે અરૂણકુમાર તેમના ઉપરી અધિકારી તરીકે નોકરી કરતા હતા. એવું સ્વીકારેલ છે કે અરૂણકુમારના ઘરે પોતે કયારેય ગયેલ ન હતા.

(૩૩) આમ, ઉપરોકત સાહેદનો પુરાવો વિશ્વશનીય નથી, કારણ કે, આ સાહેદે સરતપાસમાં જે આરોપી વિરૂધ્ધના કથનો કરેલ છે તે કથનો સૌ પ્રથમ વાર અદાલતમાં કરેલ છે, પોલીસ સમક્ષના નિવેદનમાં તેવા કોઈ કથનો જણાવેલ નથી અને તે રીતે આ સાહેદે અતિશયોકિતભર્યા કથન કરેલ હોવાથી આ સાહેદનો પુરાવો માનવાલાયક કે વિશ્વશનીય નથી.

(૩૪) ફરિયાદપક્ષ દ્ધારા સાહેદ દિલીપકુમાર જુગલકીશોર પ્રસાદ (PW-13, Exh.-72) ને તપાસવામાં આવેલ છે. આ સાક્ષીએ એવો પુરાવો આપેલ છે કે ૨૦૧૭ ના અરસામાં તેઓ કડી ખાતે મીંડારીકા કંપનીમાં મેન્ટેનન્સના હોદ્ધા પર ફરજ બજાવતા હતા અને અરૂણકુમાર તેમના સિનિયર અધિકારી હોવાથી તેમને ઓળખતા હતા. સ્ટાફ કર્મચારી તરીકે પોતાને ગુજરનાર સાથે મિત્રતા હતી અને તેથી અવારનવાર તેમના ઘરે પણ જવાનુ થતું હતું. ગુજરનારે એવું જણાવેલ હતુ કે તેમના પ્રથમ પત્ની સુધાબેન મૃત્યુ પામેલ હોવાથી તેઓએ બીજા લગ્ન રચનાબેન સાથે કરેલા છે, આ સિવાય કોઈ અંગત જીવન વિશેની

વાત પોતાને કરેલ નથી.

(૩૪.૧) આ સાહેદે વધુમાં જણાવેલ છે કે તા.૦૪/૦૬/૧૭ ના રોજ સાંજના ૦૬:૩૦ વાગ્યાની આસપાસ તેઓને જાણવા મળેલ કે અરૂણકુમારને ભાગ્યોદય હોસ્પીટલમાં દાખલ કરેલ છે જેથી પોતે દવાખાને ગયેલ ત્યારે ડોકટરે જણાવેલ કે અરૂણકુમારે ઝેરી દવા પીધેલ છે, તે સમયે અરૂણકુમારની સારવાર ચાલુ હતી. તેઓ બેભાન હતા અને રાત્રે આશરે ૧૧:૩૦ વાગ્યાની આસપાસ અરૂણકુમાર મૃત્યુ પામેલ અને તે સમયે અરૂણકુમારના પત્ની રચનાબેન હાજર હતા. બીજા દિવસે પોલીસ સાથે અરૂણકુમારના દીકરાના કપડા લેવા સારૂ પોતે રીધ્ધી નિવાસ ફલેટ પર ગયેલ તે વખતે તપાસ કરતા અરૂણકુમારની એક ડાયરી મળી આવેલ, જે ડાયરી પોલીસે કબજે લીધેલ. પોતે ડાયરીનુ લખાણ વાંચેલ ન હતું. આંક–૨૯ ની ડાયરી અરૂણકુમારના ઘરમાંથી કબજે લીધેલ હોવાનું ઓળખી બતાવે છે.

(૩૪.૨) ઉલટતપાસમાં આ સાક્ષીએ એવું જણાવેલ છે કે પોતાને પૂરેપૂરૂ ગુજરાતી આવડતું નથી. અરૂણકુમારના અવસાન થયાના એકાદ બે દિવસ બાદ પોલીસે પોતાનુ નિવેદન લીધેલું. તે નિવેદન ગુજરાતીમાં લખેલુ પરંતુ વાંચીને સંભળાવેલું તેમ જણાવેલ છે. કડીથી અગાઉ પોતે ગુડગાવ મુકામે નોકરી કરતા હતા તેમ જણાવે છે.

(૩૫) આ સાક્ષીના ઉપરોકત પુરાવાથી આરોપી વિરૂધ્ધ ફરમાવવામાં આવેલ તહોમત અને આક્ષેપો સાથે સાંકડતો કોઈ જ પુરાવો અદાલતના રેકર્ડ પર આવેલ નથી. પુનરાવર્તન થતું હોવા છતાં ફરીથી એ નોંધવું જરૂરી છે કે, પ્રથમ બાતમીદારે એવો પુરાવો આપેલ છે કે ડાયરી આ સાહેદ દીલીપભાઈએ તેઓને આપેલી, બાદ પ્રથમ બાતમીદારે તે ડાયરી પોલીસને આપેલી, જયારે આ સાહેદે એવો પુરાવો આપેલ છે કે પોલીસે સ્થળ પરથી ડાયરી કબ્જે લીધેલી. આમ, તે રીતે પણ આ સાહેદનો પુરાવો તથા પ્રથમ બાતમીદારનો પુરાવો મહત્વની હકીકત સબબ વિરોધાભાસી છે, એટલું જ નહીં, આંક ૧૪ ના પંચનામામાં

પણ એવો ઉલ્લેખ છે કે ડાયરી પંચનામા સમયે તા.૭/૬/૨૦૧૭ ના રોજ પ્રથમ બાતમીદાર પાસેથી પોલીસે કબ્જે લીધેલી. આમ, તે રીતે આ સાહેદનો ઉપરોકત પુરાવો ફરીયાદપક્ષના કેસથી પર વિરોધાભાસી હોઈ આ સાહેદના પુરાવાથી તહોમતદાર વિરૂધ્ધના આક્ષેપો શંકારહીત પુરવાર કરવામાં ફરીયાદપક્ષને કોઈ મદદ મળી શકતી નથી.

(૩૬) ફરિયાદપક્ષ દ્વારા સાહેદ બાલકૃષ્ણ વિઠ્ઠલભાઈ દરજી (PW-12, Exh.-71) ને તપાસવામાં આવેલ છે. આ સાક્ષીએ એવો પુરાવો આપેલ છે કે તા.૦૪/૦૬/૨૦૧૭ ના રવિવારની રજા હોઈ પોતે બપોરના જમીને પરીવાર સાથે આરામ કરતા હતા ત્યારે સાંજના ૬ વાગ્યાના સુમારે મકાન નં.૨૦૨ માં રહેતા રચનાબેને બોલાવેલ અને જણાવેલ કે તેમના પતિ અરૂણકુમાર બિમાર થયેલ હોઈ દવાખાને લઈ જવા છે. વધુમાં પુરાવો આપે છે કે આ અરૂણકુમાર થોડા અસ્વસ્થ હોઇ રચનાબેન સાથે પોતાની ગાડીમાં ભાગ્યોદય હોસ્પીટલ સારવાર માટે લઈ ગયેલા અને તેમની ઓફિસ સ્ટાફના માણસોને ટેલીફોનથી જાણ કરી પોતે નીકળી ગયેલા. બીજા દિવસે સવારે સોસાયટીમાં વાતો વાતોથી જાણેલ કે અરૂણકુમાર મૃત્યુ પામેલ છે. વધુમાં પુરાવો આપેલ છે કે અરૂણકુમાર બનાવના દોઢેક મહિના અગાઉ તેમની સામે રહેવા આવેલ હતા તેમના ઘરમાં પતિ પત્ની વચ્ચે કોઈ ઝગડો કે કજીયો કંકાશ વિશે પોતાને કોઈ જાણકારી નથી. આ સાહેદે સ્પષ્ટપણે ફરિયાદપક્ષને સમર્થનકારી પુરાવો આપેલ ન હોવાથી ફરિયાદપક્ષ દ્વારા આ સાક્ષીને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે અને ફરિયાદપક્ષે જાતે ઉલટતપાસ કરેલ છે પરંતુ ત્યારબાદ પણ આ સાક્ષીએ ફરિયાદપક્ષને સમર્થનકારી પુરાવો આપેલ નથી.

(૩૭) ફરિયાદપક્ષ દ્વારા હકીકતના સાહેદ સ્વરૂપે સાહેદ રવીન્દ્રકુમાર કુલચંદ જૈન (PW-14, Exh.-73) ને તપાસવામાં આવેલ છે. આ સાક્ષીએ એવો પુરાવો આપેલ છે કે ૨૦૧૭ માં તેઓ કડી ખાતે મીંડારીકા કંપનીમાં

નોકરી કરતા હતા ત્યારે તેમની સાથે અરૂણકુમાર ભાનુપ્રકાશ કામ કરતા હતા અને તેમની સાથે પોતાને મિત્રતા થયેલી. અવાર નવાર ઓફીસના કામે ટેલીફોનીક વાતો થતી હતી. આ સાક્ષીએ વધુમાં એવો પુરાવો આપેલ છે કે તા.૦૪/૦૬/૨૦૧૭ ના રોજ સાંજના છ સાત વાગ્યાની આસપાસ તેઓને જાણવા મળેલ કે અરૂણકુમારને ભાગ્યોદય હોસ્પીટલમાં દાખલ કરેલ છે. જેથી પોતે દવાખાને ગયેલા ત્યારે અરૂણકુમારની સારવાર ચાલુ હતી અને બેભાન હતા બાદ પોતે ભોપાલ જવા નીકળી ગયેલા અને ત્યારબાદ ટેલીફોનથી જાણવા મળેલ કે રાતના સાડા અગિયાર વાગ્યાની આસપાસ અરૂણકુમાર મૃત્યુ પામેલ છે. દવાખાનેથી અરૂણકુમારના ભાઈ પ્રદીપભાઈને દવાખાને દાખલ કરેલ હોવાની હકીકતની જાણ કરેલી પોતે દવાખાને ગયેલ ત્યારે વાતોવાતોથી જાણેલ કે અરૂણકુમારે કોઈ દવા પીધેલ છે. પોતે આરોપીને ઓળખતા નથી. આમ, આ સાહેદે ફરિયાદપક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપેલ ન હોવાથી ફરિયાદપક્ષ દ્વારા આ સાહેદને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે. ત્યારબાદ ઉલટતપાસ કરવામાં આવેલ છે પરંતુ આ સાક્ષીએ ઉલટતપાસ દરમ્યાન પણ ફરિયાદપક્ષને સમર્થનકારી કરતો કોઈ પુરાવો આપેલ નથી.

(૩૭.૧) બચાવપક્ષની ઉલટમાં આ સાક્ષીએ એવું સ્વીકારેલ છે કે અરૂણકુમાર તેમના સાથી કર્મચારી હતા અને અરૂણકુમારે તેમની અંગતજીવનની કોઈ વાત પોતાને કરેલ ન હતી. એવું પણ સ્વીકારેલ છે કે અરૂણકુમારનો સ્વભાવ સારો હતો.

(૩૮) આ બન્ને સાહેદોએ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપેલ ન હોવાથી આ બન્ને સાહેદોના પુરાવાથી પણ ફરીયાદપક્ષને તહોમતદાર વિરૂધ્ધ ફરમાવવામાં આવેલ તહોમતનામુ પુરવાર કરવામાં કોઈ જ મદદ મળી શકતી નથી

(૩૯) આ ઉપરાંત ફરિયાદપક્ષ દ્વારા પંચ સાહેદ સ્વરૂપે પટેલ પંકજકુમાર

વિષ્ણુભાઈ (PW-01, Exh.-10) ને તપાસવામાં આવેલ છે. આ સાક્ષીએ એવો પુરાવો આપેલ છે કે ત્રણ વર્ષ અગાઉ તેઓ અરુણકુમાર તિવારીના ઘરે હાજર હતા ત્યારે પોલીસે એક તૈયાર લખેલ કાગળમાં સહી કરાવેલ હતી. પોતે કડી ભાગ્યોદય હોસ્પિટલ ગયેલ હોય અને ગુજરનારના મૃતદેહને તેમની હાજરીમાં બતાવેલ હોય અને તેનુ વિગતવાર પંચનામુ કરેલ હોય તેવું બનેલ નથી. આ સાક્ષીના પુરાવા દરમિયાન ફરિયાદપક્ષે આંક–૧૨ થી ઈન્કવેસ્ટ પંચનામુ રજૂ કરેલ છે. આ સાક્ષીએ ફરિયાદપક્ષને સમર્થનકારી પુરાવો આપેલ ન હોવાથી ફરિયાદપક્ષ દ્વારા આ સાક્ષીને ફરી ગયેલ જાહેર કરવામાં આવે છે અને ફરિયાદપક્ષ દ્વારા જાતે ઉલટ તપાસ કરવામાં આવેલ છે તે ઉલટ તપાસ દરમિયાન પણ આ સાહેદે ફરિયાદપક્ષને સમર્થનકારી પુરાવો આપેલ નથી. બચાવપક્ષની ઉલટમાં આ સાહેદે એવું સ્વીકારેલ છે કે તેઓએ તૈયાર પંચનામામાં સહી કરેલી.

(૪૦) ઈન્કવેસ્ટ પંચનામા અનુસંધાને ફરીયાદપક્ષ દ્વારા રજુ કરવામાં આવેલ ઉપરોક્ત સમગ્ર પુરાવો વંચાણે લેવામાં આવે તો તેનાથી ગુજરનારનુ મૃત્યુ અકુદરતી રીતે થયેલ હોવાની હકીકતને સમર્થન પ્રાપ્ત થાય છે પરંતુ ગુજરનારે આત્મહત્યા કરવાનુ કૃત્ય આરોપીના ત્રાસભર્યા વર્તનના કારણે, ત્રાસના કારણે અને તેનાથી દુષ્પ્રેરણા લઈ આત્મહત્યા કરેલ હોવાની હકીકતને સમર્થન પ્રાપ્ત થતું નથી.

(૪૧) ફરિયાદપક્ષ દ્વારા ઝેરી દવાનુ ખાલી પાઉચ કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ સ્વરૂપે પરમાર મેહુલસિંહ બળવતસિંહ (PW-03, Exh.-18) ને તપાસવામાં આવેલ છે. આ સાક્ષીએ પણ ફરિયાદપક્ષને સમર્થનકારી પુરાવો આપેલ નથી અને એવું જણાવેલ છે કે તા.૦૬/૦૬/૧૭ ના રોજ બપોરના ૧૧:૩૦ રીધ્ધીનિવાસ ફલેટ, કડી મુકામે પોતાના કામથી ગયેલ હતા ત્યારે પોલીસે એક તૈયાર પંચનામામાં સહી કરવાનું કહેતા પોતે સહી કરેલી તે સિવાય બીજું કાંઈ

જાણતા નથી. ફરિયાદપક્ષે આ સાક્ષીને ફરી ગયેલા જાહેર કરેલ છે અને ઉલટ તપાસ કરેલ છે પરંતુ ત્યારબાદ પણ ફરિયાદપક્ષને સમર્થનકારી પુરાવો આ સાક્ષીએ આપેલ નથી.

(૪૨) ફરિયાદપક્ષ દ્વારા પંચ સાહેદ અંદુજી હરચંદજી ઠાકોર (PW-11, Exh.-69) ને તપાસવામાં આવેલ છે. આ સાક્ષી આંક–૭૦ વાળા પંચનામાના પંચ છે પરંતુ આ સાક્ષીએ પણ ફરિયાદપક્ષને સમર્થનકારી પુરાવો આપેલ નથી અને એવું જણાવેલ છે કે કડી પોલીસે તેઓને કડી પોલીસ સ્ટેશને બોલાવેલ હતા. આ સાક્ષીએ શેઠ અંકિતભાઈનું અવસાન થયેલું તે સંદર્ભે પોલીસ સ્ટેશન બોલાવેલ ત્યારે એક લખેલા કાગળમાં સહી કરવાનું કહેતા પોતે સહી કરેલી તે સિવાય બીજું કાંઇ જાણતા નથી. આમ, આ સાક્ષીએ પણ ફરિયાદપક્ષને સમર્થનકારી પુરાવો આપેલ ન હોવાથી ફરિયાદપક્ષ દ્વારા જાતે ઉલટતપાસ કરવામાં આવેલ છે પરંતુ તે ઉલટ દરમ્યાન પણ ફરિયાદપક્ષને સમર્થનકારી પુરાવો આ સાક્ષીએ આપેલ નથી.

(૪૩) ફરિયાદપક્ષ દ્વારા સાહેદ સેનમા જયંતિભાઈ વરૂભાઈ, ASI (PW-09, Exh.-56) ને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. આ સાહેદે પુરાવો આપેલ છે કે તા.૦૬/૦૬/૨૦૧૭ ના રોજ તેઓ કડી પોલીસ સ્ટેશનમાં PSO તરીકે ફરજ પર હતા તે વખતે ઈન્વે. અ.હે.કો. બળવંતસિંહે શિવાજી પ્રદિપકુમાર ભાનુપ્રકાશની ફરિયાદ લઈ રીપોર્ટ સાથે દાખલ કરવા સારૂ આ સાક્ષીને સોંપેલ જે આધારે આ સાક્ષીએ કડી પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૧૧૯/૨૦૧૭ થી ગુનો નોંધેલ અને આગળની તપાસ પો.સ.ઈ. શ્રી પી.આર.કરેણને ડેપ્યુટ હુકમથી સોંપેલી.

(૪૩.૧) બચાવપક્ષની ઉલટમાં આ સાહેદે એવું સ્વીકારેલ છે કે ફરિયાદના આધારે ગુનો દાખલ કર્યા સિવાય અન્ય કોઈ કામગીરી કરેલી નથી.

(૭૪) ફરિયાદપક્ષ દ્વારા સાહેદ બલવંતસિંહ શિવાજી ચૌહાણ (PW-15, Exh.-78) ને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. આ સાહેદે એવો પુરાવો આપેલ છે કે ૨૦૧૭ માં તેઓ કડી પોલીસ સ્ટેશનમાં H.C. તરીકે ફરજ બજાવતા હતા. આ દરમ્યાન તા.૦૬/૦૬/૨૦૧૭ નારોજ પ્રદિપકુમાર ભાનુપ્રકાશ તિવારી, રહે. ગુડગાંવ, હરિયાણા વાાળાએ પોલીસ સ્ટેશન આવી તેમના મોટા ભાઈએ અંગેની ફરિયાદ હકીકત તેમની સમક્ષ જાહેર કરતા ફરિયાદીના જણાવ્યા મુજબ ફરિયાદ કોમ્પ્યુટર પર ટાઈપ કરાવી, પ્રિન્ટ કાઢી ફરિયાદીને હિન્દી ભાષામાં વાંચી સમજાવતા તેમના જણાવ્યા મુજબ બરાબર હોઈ ફરિયાદીએ તે ફરિયાદમાં સહી કરેલી અને રૂબરૂ તરીકે પોતે સહી કરેલી. આ સાહેદ આંક ૨૮ માની રૂબરૂ તરીકેની પોતાની સહી ઓળખી બતાવે છે તેમજ આંક ૨૯ જોઈ જણાવે છે કે ફરિયાદીએ ફરિયાદ આપી તે વખતે રજૂ કરેલ દસ્તાવેજ છે જે ફરિયાદ સાથે સામેલ રાખેલ. આ સાહેદે એવો પુરાવો આપેલ છે કે ફરિયાદ લીધા બાદ ગુનો રજીસ્ટર કરવા PSO ને યાદી કરેલી અને PSO એ ગુનો રજીસ્ટર કરી આગળની તપાસ PSI ને સોંપેલી.

(૭૪.૧) બચાવપક્ષની ઉલટમાં આ સાહેદે એવું જણાવેલ છે કે ફરિયાદી મૂળ હરિયાણાના હતા, હિન્દી ભાષા બોલતા હતા. એવું પણ જણાવેલ કે ફરિયાદી તા.૦૬/૦૬/૨૦૧૭ ના રોજ સવારે ૧૦ વાગ્યે આવેલ હતા, તેમની સાથે ડાયરી લાવેલ હતા અને તે ડાયરીની ઝેરોક્ષ નકલ ફરિયાદ સમયે રજૂ કરેલ હતી. આ સાહેદે એવું સ્વીકારેલ છે કે ફરિયાદ લીધા સિવાય બીજી કોઈ કામગીરી તેઓએ કરેલ નથી.

(૭૫) આમ, ઉપરોક્ત બન્ને સાહેદોનો પુરાવો વંચાણે લેવામાં આવે તો આ બન્ને સાહેદોએ ફરિયાદ નોંધાવવામાં આવેલ છે અને ફરિયાદ આધારે ગુનો દાખલ કરવાની કાર્યવાહી કરવામાં આવેલ છે તે સિવાય અન્ય કોઈ કાર્યવાહી કરેલ નથી. આમ, આ બન્ને સાહેદોના પુરાવાથી પોલીસ કાર્યરીતિ યોગ્ય ક્રમમાં અનુસરવામાં આવેલ છે તેટલી માત્ર હકીકત

રેકર્ડ પર આવે છે પરંતુ આ બન્ને સાહેદોના પુરાવાથી તહોમતદારને તેમની વિરૂધ્ધ ફરમાવવામાં આવેલ તહોતમનામું પુરવાર કરવામાં કોઈ મદદ મળી શકતી નથી.

(૪૬) ફરિયાદપક્ષ દ્વારા તપાસ કરનાર અમલદાર શ્રી પ્રવિણકુમાર રામજીભાઈ કરેણ (PW-18, Exh.-85) ને તપાસવામાં આવેલ છે. આ સાહેદે પુરાવો આપેલ છે કે તા.૦૬/૦૬/૧૭ ના રોજ તેઓ કડી પો.સ્ટે.માં PSI તરીકે ફરજ પર હતા દરમિયાન હેડ કોન્સ્ટેબલે આ ગુનો દાખલ કરી ડેપ્યુટ હુકમથી તપાસ સોંપતા પોતે તપાસ સંભાળી લીધેલી. ફરિયાદનો અભ્યાસ કરી લાગતા વળગતા સાહેદોના નિવેદન લીધેલા. ઈન્કવેસ્ટ પંચનામુ મેળવી પોસ્ટમોર્ટમ રીપોર્ટ તથા મેડીકલ સર્ટી મેળવી તપાસના કામે સામેલ રાખેલ. ગુનાવાળી જગ્યાનું પંચનામું બે પંચોની હાજરીમાં કરવામાં આવેલું. આરોપીનું શરીર સ્થિતીનું પંચનામું કરી આરોપીની અટક કરેલ, સ્થાનિક FSL અધિકારીને બોલાવી બનાવવાળી જગ્યાનો પ્રાથમિક અહેવાલ તૈયાર કરાવેલો. ગુજરનાર અરૂણકુમાર તિવારીનાઓએ ડાયરીમાં લખેલ સ્યુસાઈડ નોટ પંચનામાની રૂએ કબજે લીધેલી. સાહેદ અશોકકુમાર તિવારીએ મરણજનારના હસ્તાક્ષર વાળા આપેલા બે પત્રો હસ્તાક્ષર નિષ્ણાંતનો અભિપ્રાય મેળવવા સારૂ આંક ૧૫ ના પંચનામાની રૂએ કબજે લીધેલા. FSL અધિકારીનો પ્રાથમિક સ્થળ તપાસણી અહેવાલ મેળવેલો તેમજ FSL દ્વારા મોકલવામાં આવેલ પૃથ્થકરણ રીપોર્ટ મેળવી તપાસના કામે સામેલ રાખેલ. આરોપી વિરૂધ્ધ પૂરતો પુરાવો મળી આવતા નામદાર અદાલતમાં ચાર્જશીટ કરેલું.

(૪૬.૧) ફરિયાદપક્ષ દ્વારા આ સાહેદના પુરાવા દરમ્યાન આંક ૮૯ થી આંક ૯૫ સુધીના દસ્તાવેજી આધારો રજુ કરવામાં આવેલ છે તેમજ તેને આંક આપવામાં આવેલ છે.

(૪૬.૨) બચાવપક્ષની ઉલટમાં આ સાહેદે સ્વીકારેલ છે કે ફરિયાદ ગુજરાતીમાં લીધેલ છે. જો કે, સાહેદે સ્વેચ્છાએ જણાવેલ છે કે તેના

ઉચ્ચારો હિન્દી મુજબ નોંધવામાં આવેલ છે. એવું પણ સ્વીકારેલ છે કે સમગ્ર ફરિયાદના ઉચ્ચારણો હિન્દી ભાષામાં નોંધવામાં આવેલ નથી. એવું સ્વીકારેલ છે કે સાહેદ અપૂર્વા, અશોકકુમાર તિવારી, રવીન્દ્રકુમાર જૈન, દિલીપકુમાર પ્રસાદના નિવેદનો હિન્દી ભાષા જાણતા હોય તેમનું નિવેદન ગુજરાતીમાં ભાષાંતર કરી લખવામાં આવેલ છે તેનો ઉલ્લેખ નીવેદનમાં કરવામાં આવેલ નથી. જો કે આ સાહેદે સ્વેચ્છાએ એવું જણાવેલ છે કે આ તમામ સાહેદો કડી મુકામે રહેતા હોય ગુજરાતી ભાષા સમજતા હતા. જ્યારે આ સાહેદે એવા કથનોનો ઈન્કાર કરેલ છે કે તૈયાર પંચનામામાં પંચોની માત્ર સહી લેવામાં આવેલ છે, ગુજરનારના સહકર્મચારીના નિવેદનો તપાસના કામે લેવામાં આવેલ નથી, ગુજરનાર જ્યાં રહેતા હતા તેની આજુબાજુના રહેવાશીના નિવેદન તપાસના કામે લેવામાં આવેલ નથી, આરોપી વિરૂધ્ધ કોઈ જ પુરાવો ન હોવા છતાં ખોટું ચાર્જશીટ કરેલ છે.

(૪૭) ફરીયાદપક્ષના મહત્વના હકીકતના સાહેદોના પુરાવાના મુલ્યાંકનની ઉપરોકત ચર્ચા લક્ષ્ય પર લેવામાં આવે તો ભારતીય દંડ સંહીતાની કલમ ૩૦૬ ના તત્વો પુરવાર થતા નથી તેવા સંજોગોમાં આ તપાસ કરનાર અમલદારના પુરાવાથી ફરીયાદપક્ષને તહોમતદાર વિરૂધ્ધના આક્ષેપો પુરવાર કરવામાં કોઇ મદદ મળિ શકતી નથી. તપાસના કામે હકીકતના કોઈપણ સાહેદોએ આરોપીએ ગુનાહિત કૃત્ય આચરેલ તે બનાવની સ્પષ્ટ ચોક્કસ વિગતો જણાવેલ હતી તે અંગેનો કોઈ પુરાવો આ તપાસ કરનાર અમલદારના પુરાવાથી પણ ફરિયાદપક્ષ રેકર્ડ પર લાવી શકેલ નથી. જેથી ત.ક.અમલદારે કરેલ કાર્યવાહી અનુસારના પુરાવા માત્રથી પણ ફરીયાદપક્ષને તહોમતદાર વિરૂધ્ધના આક્ષેપો શંકારહીત પુરવાર કરવામાં કોઇ મદદ મળી શકતી નથી.

(૪૮) ફરીયાદપક્ષે એવું પુરવાર કરવાનુ રહે છે કે, ત્રાસ કે હેરાનગતિ સતત

અને વારંવાર એટલી હદે થયેલ હોય કે મૃતકને આત્મહત્યા કર્યા સિવાય બીજો કોઈ રસ્તો રહેલો ન હતો, ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૬ નો આક્ષેપ પુરવાર કરવા આરોપી દ્વારા એવું કોઈ કાર્ય થવું જોઈએ જે કલમ ૧૦૭ હેઠળ આત્મહત્યા કરવા માટે ઉશ્કેરણી ગણાય. જયારે તહોમતદાર વિરૂધ્ધ ભારતીય દંડ સંહીતાની કલમ ૩૦૬ ના આક્ષેપો કરવામાં આવેલ હોય ત્યારે ગુજરનારને આપઘાત કરવાની દુષ્પ્રેરણા પહોંચાડવા માટે તહોમતદારે તેવું સીધું ગુન્હાહીત કૃત્ય આચરેલ હોવાનુ તેમજ તે કૃત્યમાં સક્રીય ભુમિકા ભજવેલ હોવાનુ ફરીયાદપક્ષે પુરવાર કરવાનુ રહે છે, માત્ર ત્રાસ હતો તેવું સાક્ષીઓએ મૌખિક પુરાવામાં કથન કરેલ હોઈ તેટલુ કલમ ૩૦૬ ના ગુન્હા સબબ તકસીરવાન ઠરાવવા પુરતું નથી, તહોમતદારે સતત એવા પ્રકારનુ કૃત્ય આચરેલ હોવું જોઈએ કે ગુજરનાર પાસે આપઘાત કરવા સિવાય અન્ય કોઈ જ વિકલ્પ બાકી રહેલ ન હોય ત્યારે ઉશ્કેરણી કરેલ હોવાનુ પુરવાર થયું ગણાય, તહોમતદારનો ગુન્હો આચરવાનો સ્પષ્ટ ઈરાદો હોવાનુ પુરવાર થવું જોઈએ, અદાલતે ભારતીય દંડ સંહીતાની કલમ ૩૦૬ ની ઈન્સાફી કાર્યવાહી નિર્ણીત કરતી સમયે માત્ર લાગણીઓથી પ્રેરાઈ નિર્ણય કરવો જોઈએ નહીં પરંતુ રજુ થયેલ પુરાવો અને હકીકતોનુ સચોટ મુલ્યાંકન કરી નિર્ણય પર પહોંચવું જોઈએ, ગુજરનારે આપઘાત કરેલ હોવાનુ કારણ સ્વતંત્ર રીતે વિચારણામાં લેવું જોઈએ, નબળી માનસિક પરીસ્થિતીના કારણે ગુજરનારે કોઈ ખોટો નિર્ણય લીધેલ હોય તેના માટે અન્ય વ્યકિતને દોષીત ઠરાવી શકાય નહીં, જ્યારે બનાવ બન્યો તે સમયે તહોમતદારે કોઈ જ સક્રીય કાર્યવાહી કરેલ ન હોય તેમ પુરવાર થતું હોય ત્યારે માત્ર ત્રાસ હોવાના સામાન્ય આક્ષેપો કરેલ હોવાથી ભારતીય દંડ સંહીતાની કલમ ૩૦૬ ના ગુન્હામાં તહોમતદારને સજા ફરમાવી શકાય નહીં. હાથ પરના કીસ્સામાં ઉપરોક્ત કરવામાં આવેલ ચર્ચાના અંતે ભારતીય દંડ સંહીતાની કલમ ૩૦૬ ના આવશ્યક તત્વો સંતોષાતા ન હોવાના નિર્ણય પર આ અદાલત પહોંચેલ છે અને તે રીતે ફરીયાદપક્ષ કલમ

૩૦૬ ના આવશ્યક તત્વો પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે તેમ આ અદાલતનુ માનવુ છે જેથી મુદ્દા નં. ૨ નો જવાબ નકારાત્મક ઠરાવવામાં આવે છે.

**<u>મુદ્દા નં.૩</u>**

(૪૯) મુદ્દા નં.૨ નો નિર્ણય નકારાત્મક ઠરાવેલ હોઈ મુદ્દા નં.૩ સબબ નીચે મુજબ આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**<u>:: આ ખ રી હુ ક મ ::</u>**

(૧) તહોમતદાર રચના W/DO અરૂણકુમાર ભાનુપ્રકાશ જૈનને તેમની વિરૂદ્ધના ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૬ મુજબના શિક્ષાને પાત્ર ગુનામાંથી ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ ૨૩૫(૧) (ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ ૨૫૮) અન્વયે શંકારહીત પુરાવાના અભાવે શંકાનો લાભ આપી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે કબજે કરવામાં આવેલ બિનકીંમતી મુદ્દામાલ આર્ટીકલનો અપીલ સમય બાદ નિયમ મુજબ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) તહોમતદારે ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ ની કલમ–૪૩૭(એ) (ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ ૪૮૧) અન્વયે આ હુકમ વિરૂદ્ધ અપીલ કે પીટીશન થયે જે તે અદાલત સમક્ષ હાજર રહેવા માટે રૂ.૧૫,૦૦૦/– (પંદર હજાર) ના જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા અત્રેની અદાલતમાં છ માસના સમયગાળા માટે રજુ કરવા.

હુકમ તા.૨૪ મી માહે માર્ચ સને ૨૦૨૬ ના રોજ જાહેર કર્યો.

તા.૨૪/૦૩/૨૦૨૬
સ્થળ : મહેસાણા

(સુશીલ ભગવંતરાય ભટ્ટ)
છઠા અધિક સેશન્સ જજ, મહેસાણા
UIC: GJ 00857